RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 12-07-2026 I VOL : 12 I Issue : 117 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

જે થાય છે તે સારા માટે જ થાય છે. સારા શબ્દો દિલ જીતી લે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ચાંદીપુરા વાયરસનો કાળોકેર : 3 માસૂમ બાળકોના મોતથી રાજ્યભરમાં હાહાકાર

4

ખોડલધામના ચેરમેન નરેશ પટેલનું મોટું નિવેદન : પ્રેમ કરવો પાપ નથી....

6

'ભાઈ તેરા સ્ટાર હૈ'થી બોલિવૂડમાં ડેબ્યુ કરશે નિહારિકા એનએમ

7

સ્પેન ફૂટબોલ વર્લ્ડકપની સેમિફાઇનલમાં:બેલ્જિયમને ગોલકીપરની ભૂલ ભારે પડી,

## એક નજર...

### ટાઇગરની ફિલ્મમાં રકુલ પ્રીત અને પ્રજ્ઞા જયસ્વાલની એન્ટ્રી



મુંબઈમાં પહેલી ઓગસ્ટથી રેમો ડિસોઝા નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આ ફિલ્મનો હીરો ટાઈગર શ્રોફ છે. ફિલ્મના ટાઈટલની હજી જાહેરાત કરવામાં આવી નથી. પણ ફિલ્મની હિરોઈન તરીકે રકુલ પ્રીત સિંહ અને અન્ય એક હિરોઈન પ્રજ્ઞા જયસ્વાલના નામ બહાર આવ્યા છે.

## NEWS TRACK

### વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓથી ભરેલી ટુરિસ્ટ બોટ દરિયામાં પલટી, 15 ભારતીયોના કમકમાટીભર્યા મોત

વિદેશ પ્રવાસે ગયેલા ભારતીય સહેલાણીઓ માટે વિયેતનામથી એક અત્યંત માઠા અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. વિયેતનામમાં પ્રવાસીઓને લઈને જઈ રહેલી એક ટુરિસ્ટ બોટ અચાનક દરિયામાં પલટી મારી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૫ ભારતીય પ્રવાસીઓના કરૂણ મોત નીપજ્યા હોવાના અહેવાલ છે. જ્યારે બોટ પલટી ત્યારે તેના પર કુલ ૩૨ ભારતીય મુસાફરો સવાર હતા. આ ઘટનાને પગલે વિદેશમાં ભારતીય પ્રવાસીઓમાં ભારે ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, આ બોટમાં સવાર થઈને પ્રવાસની મજા માણી રહેલા લોકોમાં મોટાભાગના પ્રવાસીઓ ભારતના તેલંગાણા અને આંધ્રપ્રદેશ રાજ્યના વતની હતા. દક્ષિણ ભારતના આ પરિવારો વિયેતનામની સુંદરતા માણવા માટે ગયા હતા, પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું અને ક્ષણભરમાં હસતો-રમતો પ્રવાસ માતમમાં ફેરવાઈ ગયો હતો.

### ટ્રમ્પની '1000 મિસાઈલ'ની ધમકી બાદ ઈરાનમાં જોરદાર બ્લાસ્ટ: તેહરાન ધ્રુજ્યું, ફરી યુદ્ધના ભણકારા

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાનને ચેતવણી આપી હતી કે જો તેમના પર કોઈ હુમલો થશે તો અમેરિકાની 1000 મિસાઈલો તબાહી મચાવવા માટે તૈયાર છે. આ ધમકીના ગણતરીના કલાકોમાં જ ઈરાનની રાજધાની તેહરાનનો પૂર્વીય વિસ્તાર જોરદાર ધડાકાઓથી ધ્રૂજી ઊઠ્યો હતો. આ રહસ્યમય બ્લાસ્ટના સમાચાર વાઈરલ થતાં જ દુનિયાભરમાં અનેક અટકળો શરૂ થઈ ગઈ છે. જોકે, ઈરાન સરકારે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ માત્ર એક પૂર્વ-આયોજિત 'નિયંત્રિત વિસ્ફોટો' હતા. હાલમાં આ ધડાકાઓ પાછળનું સાચું કારણ શું હતું અને તેનાથી કેટલું નુકસાન થયું છે, તેની કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેહરાન પ્રાંતના પૂર્વીય ભાગમાં એક પછી એક અનેક ધડાકાના અવાજો સંભળાયા હતા, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે, એજન્સીએ પોતાના અહેવાલમાં આ વિસ્ફોટ કોઈ સૈન્ય ગતિવિધિ અથવા હુમલાના કારણે થયા છે કે કેમ, તે અંગે સ્પષ્ટતા કરી નથી.

### ઉત્તરાખંડમાં વરસાદ-ભૂસ્ખલનને કારણે 120 રસ્તાઓ બંધ


## દેશના 70% ભાગમાંથી ચોમાસાના વાદળો ગાયબ: 7 રાજ્યોમાં 5 દિવસ વરસાદ નહીં

નવી દિલ્હી

પૂર્વ મધ્યપ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશના 7 રાજ્યોમાં આગામી 5 દિવસ ઓછો વરસાદ થવાની સંભાવના છે. આવું એટલા માટે, કારણ કે દેશના 70% ભાગમાંથી વાદળો ગાયબ થઈ ગયા છે. IMDની નવી સેટેલાઇટ તસવીરો અને વિન્ડી.કોમ (Windy.com) મુજબ વાદળો પૂર્વ અને પૂર્વોત્તરના રાજ્યો જેવા કે- ઉત્તરાખંડ, યુપી, બિહાર, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા તરફ ખસી ગયા છે.

અહીં દેશના જે ભાગોમાં ચોમાસું થોડું ઘણું સક્રિય છે, ત્યાં રસ્તાઓ પર પાણી ભરાવા, નદીઓમાં પૂર આવવા જેવી ઘટનાઓ બની રહી છે.

યુપીના હાપુડમાં ભારે વરસાદથી અંડરપાસમાં પાણી ભરાઈ ગયું. બિજનૌરમાં ગંગા અને તેની સહાયક માલન નદી ઉછાળા પર છે. રાજ્યમાં 3 દિવસમાં 15 લોકોનાં મોત થયા છે. ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનથી



ઉત્તરાખંડમાં 120 રસ્તાઓ બંધ થઈ ગયા. યમુનોત્રી નેશનલ હાઈવેનો એક ભાગ ધોવાઈ ગયા પછી, લગભગ 100 યાત્રાળુઓને દોરડા વડે બહાર કાઢવામાં આવ્યા.

પૌરી ગઢવાલમાં મોડી રાત્રે ભારે વરસાદને કારણે ચાલતી પીકઅપ પર પહાડનો એક ભાગ તૂટી પડ્યો.

## અદૃશ્ય થઈને હુમલો કરવાની ક્ષમતા! ભારતીય નૌસેનામાં સામેલ થયું INS મહેન્દ્રગિરી, ચીન-પાકિસ્તાનમાં ફફડાટ

નવી દિલ્હી

હિંદ મહાસાગર અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધી રહેલા વ્યૂહનીતિ તણાવ અને વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય નૌસેનાની તાકાતમાં આજે એક ઐતિહાસિક વધારો થયો છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમના નેવલ ડૉકયાર્ડ ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં એડવાન્સ્ડ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ 'આઈએનએસ મહેન્દ્રગિરી' (F-38)ને ભારતીય નૌસેનામાં વિધિવત રીતે સામેલ કર્યું છે. આ ખાસ પ્રસંગે સંરક્ષણમંત્રીને ડૉકયાર્ડમાં 'ગાર્ડ ઑફ ઓનર' પણ આપવામાં આવ્યું હતું. આ યુદ્ધપોતનું કમિશનિંગ એવા સમયે થયું છે જ્યારે વૈશ્વિક સ્તરે દરિયાઈ સુરક્ષાની ચિંતાઓ વધી ગઈ છે. સમુદ્રના મોજાંને ચીરતા આ અત્યાધુનિક યુદ્ધપોત પર જ્યારે તિરંગો લહેરાવવામાં આવ્યો, ત્યારે તે માત્ર નૌસેનાની લડાયક ક્ષમતા જ નહીં, પરંતુ 'આત્મનિર્ભર ભારત'ની વધતી જતી શક્તિનું પણ પ્રતીક બન્યું છે. છેલ્લા એક વર્ષમાં નૌસેનામાં સામેલ થયેલા વોરશિપની સંખ્યા 18ને પાર થઈ ગઈ છે, અને વર્ષ 2026ના અંત સુધીમાં આટલા જ વધુ જહાજોને બેડામાં સામેલ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

### પીએમ મોદીએ 3 ગિફ્ટનો કિસ્સો સંભળાવ્યો

## ન્યૂઝીલૅન્ડમાં ભારતીયોને સંબોધતાં PM મોદીએ બતાવ્યું 30 વર્ષ જૂનું મફલર

નવી દિલ્હી

અમેરિકન પ્રમુખની જેમ જ લોકપ્રિયતા ધરાવતા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલૅન્ડના ઓકલૅન્ડમાં ભારતીય સમુદાયને સંબોધિત કર્યો હતો. આ ખાસ કાર્યક્રમ દરમિયાન તેઓ પોતાના ભૂતકાળની યાદોમાં ખોવાઈ ગયા હતા અને મંચ પરથી એક 30 વર્ષ જૂનું મફલર બતાવ્યું હતું. પીએમ મોદીએ ભાવુક થતાં જણાવ્યું કે, ત્રણ દાયકા પહેલા ન્યૂઝીલૅન્ડે તેમને ત્રણ ખાસ ભેટ આપી હતી. તેમણે ગૌરવભેર કહ્યું કે, 'જ્યારે હું કંઈ જ નહોતો અને સાર્વજનિક જીવનમાં કોઈ મને ઓળખતું પણ નહોતું, ત્યારે પણ મને ન્યૂઝીલૅન્ડની ધરતી પર ભરપૂર સન્માન મળ્યું હતું.'

પોતાના સંબોધનમાં જૂની યાદો તાજી કરતાં પીએમ મોદીએ કહ્યું, 'આશરે 25-30 વર્ષ પહેલાં, જ્યારે હું કોઈ સરકારનો હિસ્સો નહોતો, ત્યારે મને ન્યૂઝીલૅન્ડ આવવાની તક મળી હતી. તે સમયે અહીંના એક સામાન્ય નાગરિકે મને ત્રણ વસ્તુઓ ભેટમાં



આપી હતી - એક મફલર, એક ટોપી અને હાથના મોજા. આજે જે મફલર મેં પહેર્યું છે, તે એ જ 30 વર્ષ જૂની ભેટ છે જેને મેં અત્યાર સુધી બહુ સાચવીને મારી પાસે રાખી છે.

ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત અને ખાસ છે, જે હવે પ્રગતિની નવી રાહ પર આગળ વધી રહ્યા છે અને આ સંબંધોને ન્યૂઝીલૅન્ડના દરેક રાજકીય પક્ષનું પૂરેપૂરું સમર્થન છે.'

# ગૃહમંત્રી સંઘવીના ડ્રાઇવની કરજણમાં ઐસીતૈસી: SP અને PIના મૌન વચ્ચે ચાલતું કરોડોનું હપ્તા રાજ


### કરજણ પોલીસ સ્ટેશનથી માત્ર 2 કિમી દૂર ધમધમે છે દારૂનું કાળું સામ્રાજ્ય: વહીવટદાર હનુભા અને પોલીસની જુગલબંદી સામે 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ- જો લઠ્ઠાકાંડ થશે તો જવાબદાર કોણ?

કરજણ/વડોદરા

ગુજરાત સરકાર ભલે રાજ્યમાં કડક દારૂબંધીના ગગનભેદી દાવા કરતી હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી સામે આવેલા અહેવાલોએ ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓની ઊંઘ હરામ કરી દીધી છે. કરજણમાં કાયદો અને વ્યવસ્થાના ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યા છે. આખો તાલુકો જાણે બુટલેગરો અને જુગારીઓ માટે સેફ હેવન બની ગયો છે. સરકારી નિયમોને નેવે મૂકીને કરજણ પોલીસ મથકની નાકની નીચે જ અબજો રૂપિયાનું ગેરકાયદેસર નેટવર્ક ધમધમી રહ્યું છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આખા કાળા સામ્રાજ્યની કથિત કમાન સંભાળનારો બીજો કોઈ નહીં, પરંતુ ખુદ પોલીસનો જ એક માનીતો વહીવટદાર છે, જે અગાઉ દારૂના જ કેસમાં જેલની હવા ખાઈ ચૂક્યો છે.

સૂત્રો પાસેથી મળેલી અત્યંત સનસનાટીભરી માહિતી મુજબ, કરજણ પોલીસ મથકથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા કરમડી ગામમાં અંદાજે ૧૫થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ પણ ડર વગર ચાલી રહી છે, જ્યાંથી આખા પંથકમાં દારૂ સપ્લાય થાય છે. આ ઉપરાંત, કુલારી ગામમાં નવી નગરી પાણીની ટાંકી પાસે નગીન નામનો બુટલેગર જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. સાપા ગામની નવી વસાહતમાં પણ આ વરલી મટકાનો સટ્ટો ગરમાગરમ ચાલે છે. એટલું જ નહીં, રાણપુર ગામનો સરપંચ અને બીજેપી યુવા મોરચાનો પ્રમુખ પાર્થ શાહ પોતે આખા કરજણ તાલુકામાં વિદેશી દારૂનો મોટો ધંધો ચલાવતો હોવાના અને સીમડીથી રાણપુર જવાના રસ્તે દારૂનો જંગી જથ્થો છુપાવ્યો હોવાના પાકા પુરાવા મળ્યા છે. જ્યારે કંડારી ગામમાં ટાવર પાસે અમિત વસાવા નામનો બુટલેગર અંગ્રેજી દારૂનું વેચાણ કરે છે, અને બારીયાવાસ વિસ્તારમાં પરેશ ચુનાવાડા નામનો શખ્સ ખુલ્લેઆમ ઈંગ્લિશ દારૂ વેચી રહ્યો છે.

આ આખા ગેરકાયદેસર વેપાર પાછળ કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ પટેલનો ખાસ વહીવટદાર હનુભા કામડિયા ઉર્ફે હનુ બુટલેગર મુખ્ય સૂત્રધાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ હનુભા અગાઉ દારૂના મોટા કેસમાં ઝડપાયો હતો, સસ્પેન્ડ થયો હતો અને જેલમાં પણ જઈ આવ્યો છે. આવા રીઢા માણસે આજે આખા કરજણ તાલુકાની પોલીસને કથિત રીતે પોતાના ઈશારે નચાવી રાખ્યો છે. દારૂ અને જુગારના અડ્ડાઓમાંથી થતી કરોડો રૂપિયાની કાળી કમાણીમાંથી આ વહીવટદારે ભ્રષ્ટાચારના તમામ રેકોર્ડ તોડીને કરોડો રૂપિયાની બેનામી મિલકતો વસાવી લીધી હોવાના આક્ષેપ છે. વડોદરા જિલ્લાના પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલ, વડોદરા એલસીબી અને કરજણ પોલીસના અધિકારીઓની આ મામલે સદંતર ચુપકીદી અનેક સવાલો ઉભા કરે છે.



વહીવટદાર હનુભા કામડિયા

આ મામલે સૌથી મોટો વિસ્ફોટ એ છે કે જ્યારે કોઈ જાગૃત નાગરિક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં આ અડ્ડાઓની ઓનલાઈન ફરિયાદ કરે છે, ત્યારે ગાંધીનગરથી રેડ પડે તે પહેલા જ વડોદરા એલસીબીના કેટલાક કથિત ભ્રષ્ટ કર્મીઓ વહીવટદારને અને કરજણ પોલીસને વોટ્સએપ પર લોકેશન શેર કરીને કહી દે છે કે 'ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!'. વડોદરા એલસીબી પીઆઈનું સીધું કનેક્શન કરજણના આ કથિત વહીવટદાર હનુભા કામડિયા સાથે હોવાની ચર્ચા છે, જ્યાં રોજ લાખો રૂપિયાનો વહીવટ થાય છે. આ મામલે પક્ષ જાણવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા એલસીબી પીઆઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો, ત્યારે તેમણે ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધું હતું. આ બાબત સ્પષ્ટ કરે છે કે રેડ કરવાની જગ્યાએ માત્ર ભરણ વધારી દેવાયું છે. જીલ્લાના પોલીસ વડા આ આખી સિસ્ટમ સામે આંખ આડા કાન કરીને બેઠા છે.

આ ભ્રષ્ટ ટોળકી રાજ્યના મુખ્યમંત્રીની સ્વચ્છ છબીને ખરડી રહી છે અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના ડ્રગ્સ અને દારૂ મુક્ત ગુજરાતના અભિયાનને ખુલ્લી ચેલેન્જ આપી રહી છે.

**'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે,** બુટલેગરોના જોરે ચાલતા આવા વહીવટો સામે ગાંધીનગરથી ક્યારે કડક હથોડો ઝીંકાશે? જો વડોદરા જીલ્લામાં કોઇ મોટો લથ્થાકાંડ થશે તો તેની જવાબદારી કોણ લેશે? શું કરજણની જનતાને આ દૂષણમાંથી ક્યારેય મુક્તિ મળશે ખરી?




- એસપી સુશીલ અગ્રવાલ અને પીઆઈ પટેલના મૌન પાછળ કયું મોટું રહસ્ય? ગામડે-ગામડે ધમધમતી દારૂની ભઠ્ઠીઓ અને જુગારધામોનું લોકેશન સાથે પર્દાફાશ.
- એસએમસીની રેડ પડે તે પહેલાં જ વડોદરા એલસીબી લોકેશન મોકલી બુટલેગરોને સેફ કરી દેતી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ, મીડિયાના ફોન ઉપાડવાના બંધ.
- કાળી કમાણીમાંથી વહીવટદારે વસાવી કરોડોની બેનામી મિલકતો; જો જીલ્લામાં કોઈ લઠ્ઠાકાંડ સર્જાશે તો તેનો જવાબદાર કોણ?

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## સુરતમાં પૂરગ્રસ્ત મહિલાઓનો ભારે આક્રોશ: ભાજપ ધારાસભ્ય મનુ પટેલને ઘેર્યા, પબ્લિકે બરાબરનો ક્લાસ લીધો!

સુરત

સુરતમાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે હવે જનતાનો રોષ ફાટી નીકળ્યો છે. આક્રોશની આ આગમાં શાસક પક્ષના નેતાઓ બરાબરના ઘેરાયા છે. સુરતના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે ગયેલા ભાજપના ધારાસભ્ય મનુ પટેલને સ્થાનિક મહિલાઓના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો છે. મહિલાઓએ ધારાસભ્યને ઘેરીને એવા આકરા સવાલો પૂછ્યા કે નેતાજી પણ ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા.

પૂરના પાણીમાં ડૂબેલા અને મુશ્કેલી વેઠી રહેલા સ્થાનિક લોકો, ખાસ કરીને મહિલાઓનો ગુસ્સો સાતમા આસમાને જોવા મળ્યો હતો. ધારાસભ્ય મનુ પટેલ જેવી જ મુલાકાત લેવા પહોંચ્યા, કે તરત જ મહિલાઓએ તેમને ચારેય તરફથી ઘેરી લીધા હતા. એક ગુસ્સે ભરાયેલી મહિલાએ ધારાસભ્યના મોઢા પર જ કહી દીધું કે, 'જ્યારે ચૂંટણી હતી ત્યારે તો હાથ જોડી-જોડીને આવી જતા હતા અને કહેતા હતા કે બહેન મને જ મત આપજો! હવે જ્યારે અમે મુશ્કેલીમાં છીએ, અમારા ઘરોમાં પાણી ભરાયા છે, ખાવાના ફાંફા છે, ત્યારે તમે ક્યાં ગાયબ થઈ ગયા હતા? હવે કેમ હાથ જોડવા નથી આવતા?' મહિલાઓના આ આક્રોશ સામે ધારાસભ્ય બચાવ મુદ્રામાં આવી ગયા હતા. વાતાવરણ એટલું ગરમાયું હતું કે નેતાજી માટે ત્યાં ઊભા રહેવું પણ ભારે થઈ પડ્યું હતું. જનતાના આ ઘાતક સવાલો અને ઘેરાવ વચ્ચે ધારાસભ્ય મનુ પટેલે પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે પત્રકારો અને રોષે ભરાયેલી જનતા સામે નિવેદન આપતા જણાવ્યું કે, 'અમારું કામ સેવાનું છે અને અમે સતત એ જ કામ કરીએ છીએ. પૂરની સ્થિતિમાં પણ અમે લોકોની મદદ કરી રહ્યા છીએ.' જો કે, ધારાસભ્યના આ નિવેદનથી પબ્લિક સંતુષ્ટ થઈ નહોતી. લોકોનું કહેવું છે કે નેતાઓ માત્ર ફોટા પડાવવા અને ચૂંટણી ટાણે જ દેખાય છે.

## સુરતમાં સ્માર્ટ મીટર સામે જનઆક્રોશ: વીજ કંપનીના કર્મચારીઓનો સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર વિરોધ, હવે આ સ્માર્ટ મીટરનું શું કરવું?

સુરત

ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી સ્માર્ટ વીજ મીટરને લઈને એક નવી માથાકૂટ અને વિવાદ શરૂ થયો છે. સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા શહેરમાં સ્માર્ટ મીટર લગાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ તેની સામે સ્થાનિક રહીશોનો વિરોધ દિન-પ્રતિદિન વધુ ઉગ્ર બની રહ્યો છે. સુરતના અનેક મધ્યમવર્ગીય અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જ્યારે પણ વીજ કંપનીના કર્મચારીઓ સ્માર્ટ મીટર બદલવા માટે સોસાયટીઓમાં પહોંચે છે, ત્યારે સ્થાનિક લોકો એકઠા થઈને તેમનો ઘેરાવ કરી રહ્યા છે અને મીટર લગાડવા દીધા વિના જ પરત મોકલી રહ્યા છે.

સ્થાનિક રહીશોનો મુખ્ય આક્ષેપ એવો છે કે આ સ્માર્ટ મીટર આવ્યા પછી વીજળીના બિલ ખૂબ જ વધારે અને અસામાન્ય આવી રહ્યા છે. લોકોનું કહેવું છે કે જૂના ડિજિટલ મીટર બિલકુલ યોગ્ય રીતે ચાલતા હતા અને તેમાં સામાન્ય બિલ આવતું હતું, પરંતુ સ્માર્ટ મીટરમાં રીડિંગ ખૂબ ઝડપથી ભાગે છે. વળી, પ્રી-પેઈડ સિસ્ટમ અને અચાનક રીચાર્જ પૂરું થઈ જતાં વીજળી ગુલ થઈ જવાની ભીતિને કારણે પણ લોકોમાં ભારે અસંતોષ છે. સોસાયટીઓના પ્રમુખો અને સ્થાનિક આગેવાનો હવે બોર્ડ લગાવી રહ્યા છે કે અમારી સોસાયટીમાં સ્માર્ટ મીટર લગાડવા આવવું નહીં. હવે વહીવટી તંત્ર અને વીજ કંપનીઓ માટે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે આ સ્માર્ટ મીટરનું શું કરવું? એક તરફ સરકાર ડિજિટલાઈઝેશન અને સ્માર્ટ સિસ્ટમના નામે આ પ્રોજેક્ટ આગળ વધારવા માંગે છે.

## 42મી રથયાત્રાની તડામાર તૈયારી, અષાઢી બીજે પંચદેવ મંદિરથી પ્રથાન કરી 29 કિમી રૂટ પર ભગવાન નગરચર્યા કરશે

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં વર્ષ 1985થી સતત નીકળતી ભગવાન જગન્નાથજીની પરંપરાગત અને શ્રદ્ધાભરી રથયાત્રા આ વર્ષે પણ પોતાના નિર્ધારિત રૂટ પર, પરંપરાગત શૈલીમાં અને અપ્રતિમ ભક્તિભાવ સાથે નીકળવા માટે સજ્જ થઈ રહી છે. ગાંધીનગર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા આ વર્ષની 42મી રથયાત્રાને યાદગાર અને સુવ્યવસ્થિત બનાવવા માટે અત્યારથી જ તમામ સ્તરે ખાસ અને સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વખતે ભગવાન જગન્નાથ 29 કિલોમીટર લાંબા નિયત રૂટ પર નગરચર્યા કરી ભક્તોને સામેથી દર્શન આપશે. આગામી પવિત્ર અષાઢી બીજ એટલે કે તારીખ 16 જુલાઈ 2026ને ગુરૂવારના રોજ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી સાથે રથમાં બિરાજમાન થઈને પાટનગરના રાજમાર્ગો પર ભક્તોને દર્શન આપશે.

સ્થાપિત પરંપરા મુજબ, રથયાત્રા વહેલી સવારે સેક્ટર-22 સ્થિત ઐતિહાસિક પંચદેવ મંદિરથી શાસ્ત્રોક્ત વિધિ-વિધાન, પૂજન-અર્ચન અને પહંદ વિધિ સંપન્ન થયા બાદ પ્રસ્થાન કરશે.

નગરમાં આનંદભેર ભ્રમણ કરીને બપોરે આ ભવ્ય રથયાત્રા સેક્ટર-28 ખાતે આવેલા પ્રખ્યાત જલારામ મંદિર એટલે કે ભગવાનના પરંપરાગત મોસાળમાં આવી પહોંચશે.

જ્યાં ભગવાન સમક્ષ વિશેષ છપ્પનભોગ ધરાવાશે અને હજારો ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે.

બપોર પછી ફરીથી રથયાત્રા જુદા જુદા સેક્ટરોમાં હરિનામ સંકીર્તન અને મજીરાની રમઝટ સાથે ભ્રમણ કરીને મોડી સાંજે નિજ મંદિર (પંચદેવ મંદિર) ખાતે પરત ફરશે.

## કાકાનો હાથ પકડીને ગિરનાર ચઢતા બાળકને સિંહ ખેંચી ગયો : દાદાએ કહ્યું- એકનો એક હતો, સરકાર પાછો લાવી આપશે?

જૂનાગઢ

જૂનાગઢના પ્રખ્યાત યાત્રાધામ ગિરનાર પર્વત પર એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસી પરિવારના 12 વર્ષના બાળક પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. બાળક મયુરસિંહ કાકાનો હાથ પકડીને ગિરનાર ચઢતો હતો તે દરમિયાન સિંહ ખેંચી ગયો હતો. પરિવારજનોએ જઈને તપાસ કરતા જંગલમાંથી બાળકના અવશેષો મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે સિંહના માણસ પર હુમલાની 46 દિવસમાં આ નવમી ઘટના છે. જેમાં 8ના મોત અને એક વ્યક્તિ ગંભીર ઈજાગ્રસ્ત થયો છે.

વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વન વિભાગ તેમજ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. હાલ ગિરનારની મુખ્ય સીડી પર સામાન્ય અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

વન વિભાગ, પોલીસ અને ટ્રેકર્સની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને એક સિંહને પકડી પાડ્યો હતો. પશુચિકિત્સકે કરેલી તપાસ દરમિયાન સિંહની ઊલટીમાંથી માનવ શરીરના અંગો મળી આવ્યા હોવાનો પ્રાથમિક ખુલાસો થયો છે. આ ઉપરાંત શંકાસ્પદ અન્ય બે સિંહોને પણ પકડી લેવામાં આવ્યા છે. તેમને વધુ તપાસ અને પરીક્ષણ માટે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ખસેડવામાં આવશે.

સમાચાર સાંભળતા જ મૃતકના વતન મહેમદાવાદ તાલુકાના મોડજ ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

### 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ- ગુનેગારો જેલમાં ક્યારે જશે?

# વડોદરા જિ.પંચાયતથી લઈને બરોડા ડેરી સુધી ભ્રષ્ટાચારની ઉધઈ : સફેદપોશ નેતાઓની ભૂખ આગળ આખું તંત્ર લાચાર




### બરોડા ડેરીમાં પશુપાલકોના પરસેવાની કમાણી પર ધોળા દિવસે ધાડ: ઓડિટમાં કૌભાંડ સાબિત થયા છતાં ગુનો ન નોંધાવા પાછળ કયું મોટું પોલિટિકલ પ્રેશર?

- નારેશ્વર-પાલેજ હાઇવે પર રોયલ્ટી વગર રેતીના પહાડો ખડકાયા, કરજણના એસડીએમ, મામલતદાર અને જીલ્લા પોલીસ વડા કેમ મૌન?
- બરોડા ડેરીના સબડોળ ચિલિંગ સેન્ટરમાં 60 લાખનો મોટો ઘોટાળો ઓડિટમાં સાબિત થયો છતાં ગુનો નોંધવામાં કોની નબળાઈ નડે છે?
- મુખ્યમંત્રી સુધી પુરાવા સાથે લેખિત ફરિયાદ છતાં કોઈ એક્શન નહીં; 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ- ભ્રષ્ટ નેતાઓ સામે બુલડોઝર ક્યારે ચાલશે?

વડોદરા/કરજણ

ગુજરાત સરકાર ગાંધીનગરની ગાદી પરથી ભલે ભ્રષ્ટાચાર મુક્ત શાસનના મસમોટા દાવા કરતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે વડોદરા જિલ્લામાં સત્તાધારી પક્ષના કેટલાક નેતાઓએ કાયદો, વ્યવસ્થા અને નૈતિકતાના લીરેલીરા ઉડાડી દીધા છે. જિલ્લામાં સરપંચની ખુરશીથી લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ સુધી ભ્રષ્ટાચારનો એવો ખદબદતો કાદવ જામ્યો છે, જ્યાં કરોડો રૂપિયાનો કાળો વહીવટ ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ જ્યોત્સનાબેન વસંતભાઈ રબારીના પતિ વસંત રબારી સામે ગેરકાયદેસર રેતી ખનન, ખંડણી અને કરોડોની રોયલ્ટી ચોરીના જે આક્ષેપો પુરાવા સાથે ઉઠ્યા છે, તેણે સમગ્ર જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. જનતાના વોટ લઈને બેઠેલા આવા સફેદપોશ લોકો સામે એક્શન લેવામાં સ્થાનિક વહીવટી તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

સૂત્રો પાસેથી મળતી અત્યંત સનસનાટીભરી વિગતો મુજબ, નારેશ્વરથી પાલેજ તરફ જતા મુખ્ય માર્ગ પર કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી કે રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર રેતીનો અધધ જથ્થો ખડકી દેવામાં આવ્યો છે. પવિત્ર નર્મદા નદીની છાતી ચીરીને, રાત-દિવસ જેસીબી અને ડમ્પરો દોડાવીને કુદરતી સંપત્તિની આંધળી લૂંટ ચલાવવામાં આવી રહી છે. સત્તાના જોરે આ ખનન માફિયાઓ નર્મદા નદીનું અસ્તિત્વ જોખમમાં મૂકી રહ્યા છે. સૌથી મોટો અને શરમજનક સવાલ એ છે કે આટલું મોટું કૌભાંડ રોડ પર ખુલ્લેઆમ દેખાતું હોવા છતાં, કરજણના એસડીએમ શિવમ બારિયા, વડોદરા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા (SP), સ્થાનિક મામલતદાર અને ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ આંખ આડા કાન કરીને કેમ બેઠા છે? કરોડો રૂપિયાના હપ્તા કઈ-કઈ કચેરીઓમાં પહોંચે છે કે આખું તંત્ર આ માફિયાઓ સામે લાચાર બનીને બેઠું છે? આ તે કેવો વહીવટ જ્યાં કાયદો માત્ર સામાન્ય જનતા માટે છે અને નેતાઓ માટે લાલ જાજમ?

બીજી તરફ, આ હોદ્દેદારોની ભૂખ એટલી હદે વકરી છે કે તેઓ પશુપાલકો અને ગરીબ દૂધ ઉત્પાદકોને પણ છોડવા તૈયાર નથી. બરોડા ડેરીના સત્તાવાર ઓડિટ રિપોર્ટમાં એક એવો ભયાનક વિસ્ફોટ થયો છે જેણે સહકારી ક્ષેત્રના પાયા હલાવી દીધા છે. ડેરીના સબડોળ ગામે આવેલા ચિલિંગ સેન્ટરમાં અંદાજે ૫૦ થી ૬૦ લાખ રૂપિયાનો મોટો આર્થિક ઘોટાળો આચરવામાં આવ્યો હોવાનું સત્તાવાર ચોપડે સાબિત થયું છે. ગરીબ ખેડૂતોના પરસેવાના પૈસા પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખનારા આ કથિત નેતાઓ સામે ગુનો દાખલ કરવાની હિંમત ડેરીના સત્તાધીશો કેમ બતાવી શકતા નથી? સરપંચથી લઈને જિલ્લા પંચાયત સુધીની આખી ભ્રષ્ટાચારની સાંકળ વડોદરા જિલ્લાને ઉધઈની જેમ કોરી ખા રહી છે. આ મામલે વડોદરા ભાજપ જીલ્લા પ્રમુખ કે સ્થાનિક ધારાસભ્યની કોઈ જવાબદારી બનતી નથી? આખું તંત્ર ખનન માફિયાઓ અને ભ્રષ્ટાચારીઓના હાથે વેચાયેલું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આ સમગ્ર લૂંટફાટ અને ભ્રષ્ટાચાર અંગે ખુદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તમામ પુરાવા અને કાગળો સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી મુખ્યમંત્રી કાર્યાલય (CMO) તરફથી કોઈ કડક આદેશ છૂટ્યા નથી. વડોદરાનું આખું વહીવટી અને પોલીસ તંત્ર કાં તો સત્તાના દબાણ હેઠળ દબાયેલું છે અથવા તો અબજો રૂપિયાના આ ખેલમાં ભાગીદાર બની ગયું છે.

આવા તત્વોના કારણે આખી સરકારની છબી ખરડાઈ રહી છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે, સ્વચ્છ છબી ધરાવતા મુખ્યમંત્રી પોતાના જ પક્ષના આ ભ્રષ્ટ નેતાઓ પર અને કૌભાંડીઓ પર ત્વરિત કાયદાકીય હથોડો ક્યારે ઝીંકશે? શું કરજણ તાલુકામાં આ રેતી અને માટી ખનન આમ જ ચાલતું રહેશે, કે પછી મુખ્યમંત્રી તાત્કાલિક તપાસ બેસાડીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે?

### 9,100 પરિવારોનો સર્વે પૂર્ણ કરી નુકસાનીની ચૂકવણી શરૂ

## સુરત ખાડી પૂર પર એક્શન મોડમાં હર્ષ સંઘવી: મોડીરાત્રે યોજી હાઈલેવલ બેઠક

સુરત

સુરતમાં ખાડી પૂરના કારણે સર્જાયેલી ગંભીર સ્થિતિ બાદ હવે વહીવટી તંત્ર અને સરકાર એક્શન મોડમાં આવ્યા છે. પૂરના પાણી ઓસરતાની સાથે જ લોકોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડીરાત્રે એક હાઈલેવલ બેઠક યોજી હતી. આ બેઠકમાં પૂર પ્રભાવિત વિસ્તારોની સ્થિતિ અને ચાલી રહેલી રાહત કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે પ્રભાવિત લોકોને મદદ પહોંચાડવા માટે યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.

બેઠકમાં સામે આવેલા આંકડા મુજબ, પૂરની અસર પામેલા વિસ્તારોમાં વહીવટી તંત્રની ટીમો દ્વારા અત્યાર સુધીમાં રેકોર્ડ બ્રેક 9,100 પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે પૂરો કરી લેવામાં આવ્યો છે. આ સર્વેનો મુખ્ય હેતુ પૂરના કારણે લોકોના ઘરોમાં થયેલા નુકસાનનો સાચો અંદાજ મેળવવાનો છે, જેથી કોઈ પણ પીડિત સહાયથી વંચિત ન રહી જાય.

આ સર્વેના આધારે તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને અત્યાર સુધીમાં 800થી વધુ પરિવારોને ઘરવખરી નુકસાની અને કેશડોલ પેટે રૂપિયા 6,800 લેખે રોકડ સહાયની ચૂકવણી પણ કરી દેવામાં આવી છે. બાકીના પરિવારોને પણ આગામી સમયમાં ઝડપથી સહાય ચૂકવવા માટે અધિકારીઓને કડક આદેશ આપવામાં આવ્યા છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના ઉચ્ચ અધિકારીઓ સાથે મધ્યરાત્રિ સુધી બેઠક કરીને સાફ-સફાઈ, રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ અને વીજળી-પાણીની સુવિધા વહેલી તકે પૂર્વવત કરવા માટે રોડમેપ તૈયાર કર્યો હતો. મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આપત્તિના આ સમયે જનતાને કોઈ પણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડવી જોઈએ અને સહાયની રકમ સીધી પીડિતો સુધી પહોંચવી જોઈએ.

## લપકામણ ગામની સીમમાં પોલીસે દરોડો પાડી જુગાર રમતા ત્રણ ઝડપી 1.30 લાખનો મુદ્દામાલ કર્યો જપ્ત

ગાંધીનગર

અમદાવાદ ગ્રામ્યના દસક્રોઈ તાલુકામાં આવેલા લપકામણ ગામની સીમમાં ડેમચાની બાજુમાં ગૌચરની ખુલ્લી જગ્યામાં સાંતેજ પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી મોબાઈલ ફોનની ફ્લેશ લાઈટના અંજવાળે પાના-પત્તા વડે હારજીતનો જુગાર રમી રહેલા 3 પન્ટરોને રૂ .1.30 લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લેવાયા છે. જ્યારે અન્ય બે ઈસમો તકનો લાભ લઈ નાસી છૂટ્યા હતા.

સાંતેજ પોલીસની ટીમ ને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, લપકામણ ગામની સીમમાં ગૌચરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈને મોબાઈલ લાઈટના અંજવાળે પૈસાથી હારજીતનો જુગાર રમી અને રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતા ઈસમોએ દૂરથી જ વાહનો જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ ટીમે ચારેય તરફથી ઘેરાબંધી કરીને 3 ઈસમોને ઝડપી લીધા હતા.

### હિટ એન્ડ રનની હૃદયદ્રાવક ઘટના

## વડોદરામાં કાળમુખા વાહનોનો આતંક..! : ડમ્પરે મહિલાને કચડી

વડોદરા

વડોદરા શહેરમાં કાયદો, વ્યવસ્થા અને ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાવતા બે અલગ-અલગ ગમખ્વાર અકસ્માતો સામે આવ્યા છે. આ અકસ્માતોએ સમગ્ર પંથકને ધ્રુજાવી દીધો છે. એક તરફ એક કાળજું કંપાવી દેનારો હિટ એન્ડ રનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક યુવકે અકસ્માત સર્જીને ભાગતા ડમ્પરનો પીછો કર્યો, પણ જ્યારે તે ડમ્પરને પકડીને ઘટનાસ્થળે પાછો આવ્યો ત્યારે ખબર પડી કે ડમ્પર નીચે કચડાનાર કોઈ અજાણ્યું નહીં પણ ખુદ તેની જ સગી માતા હતી! જ્યારે બીજી એક ઘટનામાં દારૂના નશામાં ધૂત કાર ચાલકે મોડી રાત્રે રસ્તા પર તાંડવ મચાવીને ત્રણ લોકોને અડફેટે લીધા છે.

ઘટના ૧: 'મેં જે ડમ્પર પકડ્યું, તેણે જ મારી માતાનો જીવ લીધો...' : વડોદરામાં બનેલી આ ઘટના કોઈ પણ પથ્થર દિલ માણસની આંખમાં આંસુ લાવી દે તેવી છે. રસ્તા પરથી પસાર થઈ રહેલી એક મહિલાને પૂરપાટ ઝડપે આવતા એક કાળમુખા ડમ્પરે અડફેટે લઈને કચડી નાખી હતી. અકસ્માત સર્જીને ડમ્પર ચાલક વાહન લઈને ભાગવા લાગ્યો હતો. આ દ્રશ્ય જોઈને ત્યાંથી પસાર થઈ રહેલા એક અજાણ્યા યુવકે માનવતાના નાતે અને ગુનેગારને પકડવાના ઈરાદે બાઈક લઈને એ ડમ્પરનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. યુવકે હિંમત બતાવીને ડમ્પર ચાલકને રસ્તામાં જ આંતરી લીધો અને તેને પકડીને પરત ઘટનાસ્થળે લાવ્યો હતો.

ઘટના ૨: નશામાં ધૂત કાર ચાલકનું મોતનું તાંડવ, ૩ લોકોને ઉડાવ્યા : વડોદરામાં જ બનેલી બીજી એક ઘટનામાં કાયદાનો કોઈ ડર ન હોય તેમ એક કાર ચાલકે દારૂના નશામાં ચૂર થઈને સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. નશાખોર કાર ચાલકે રસ્તા પર જતા ૩ નિર્દોષ લોકોને અડફેટે લઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને કાર ચાલકને પકડી પાડ્યો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે કાર ચાલક દારૂના નશામાં એટલો ધૂત હતો કે તેને પોતાનું ભાન પણ નહોતું. પોલીસે આ મામલે ગુનો નોંધી નશાખોર નરાધમની અટકાયત કરી છે.

## LRD લેખિત પરીક્ષાની ફાઇનલ આન્સર કી જાહેર : ઉમેદવારોને OMR રીચેકિંગની તક

ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડર (LRD) ની કુલ 12,733 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ અને મોટું અપડેટ જાહેર કરવામાં આવ્યું છે. ભરતી બોર્ડની સત્તાવાર જાહેરાત ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત ગત તા. 14 જૂન, 2026ના રોજ રાજ્યભરમાં લેવામાં આવેલી લેખિત પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા. 08 જુલાઈ, 2026ના રોજ જાહેર કરવામાં આવી હતી, જેના પગલે હવે બોર્ડ દ્વારા આગળની મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે લેખિત પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોના ગુણ અને રીચેકિંગ અંગેની વિગતો પોતાની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ (ઉપલબ્ધ) કરી દીધી છે. લાખોની સંખ્યામાં પરીક્ષા આપનારા ઉમેદવારો હવે બોર્ડની વેબસાઈટ પર જઈને પોતાના વ્યક્તિગત માર્ક્સ તેમજ પરીક્ષાના પરિણામ સંબંધિત અન્ય તમામ વિગતો ઓનલાઈન ખૂબ જ સરળતાથી ચકાસી શકશે.

આ પરિણામ અને ગુણ જાહેર થવાની સાથે જ, જે ઉમેદવારોને પોતાના માર્ક્સ અંગે કોઈ વિસંગતતા લાગતી હોય અને પોતાની ઓએમઆર (OMR) શીટનું રીચેકિંગ કરાવવું હોય, તેમના માટે પણ બોર્ડ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

### MBA સ્ટુડન્ટ સહિત 5 શહેરોમાંથી 19 ઠગોની ધરપકડ, 21 રાજ્યોના 146 ગુના ઉકેલાયા!

## 250 કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડનો સ્ફોટક પર્દાફાશ: દુબઈથી ચાલતું હતું કૌભાંડ

ગાંધીનગર

ગુજરાત સાયબર ક્રાઈમ અને ગાંધીનગર સીઆઈડી (CID) એ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દેશના ઈતિહાસના સૌથી મોટા ડિજિટલ સ્કેમમાંથી એક એવા ૨૫૦ કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ આખું રેકેટ ભારતની બહાર એટલે કે દુબઈથી ઓપરેટ થતું હતું. પોલીસે સપાટો બોલાવીને એક પ્રતિષ્ઠિત ખાનગી યુનિવર્સિટીના MBAના વિદ્યાર્થી સહિત દેશના ૫ મોટા શહેરોમાંથી ૧૯ રીઢા સાયબર ગુનેગારોને દબોચી લીધા છે.




મળતી વિગતો મુજબ, આ ગેંગ એટલી હાઈટેક અને શાતિર હતી કે સામાન્ય નાગરિકો જ નહીં, પણ ઉચ્ચ અધિકારીઓ અને બિઝનેસમેનોને પણ ડિજિટલ અરેસ્ટ, શૅર માર્કેટમાં ઊંચા વળતરની લાલચ કે લોનના બહાને શિકાર બનાવતી હતી.

આ કરોડો રૂપિયાના ફ્રોડના મુખ્ય માસ્ટરમાઈન્ડ દુબઈમાં બેઠા-બેઠા આખી સિસ્ટમ કંટ્રોલ કરતા હતા. ભારતમાં ગરીબ અને સામાન્ય લોકોના નામે ખોટા ડોક્યુમેન્ટ્સ ઊભા કરીને સેંકડો 'ડમી એકાઉન્ટ્સ' (ભાડાના ખાતાઓ) ખોલવામાં આવ્યા હતા, જેમાં ફ્રોડના પૈસા ટ્રાન્સફર થતા અને ત્યાંથી ક્રિપ્ટોકરન્સી કે હવાલા મારફતે દુબઈ મોકલી દેવાતા હતા. સૌથી આઘાતજનક વાત એ છે કે, ઝડપાયેલા આરોપીઓમાં એક જાણીતી પ્રાઈવેટ યુનિવર્સિટીનો MBAનો વિદ્યાર્થી પણ સામેલ છે, જે પોતાના ભણતર અને કમિશનની લાલચમાં આ કાળા કારોબારના એકાઉન્ટ્સ હેન્ડલ કરતો હતો.

ગુજરાત સાયબર સેલે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે દેશના ૫ પ્રમુખ શહેરોમાં એકસાથે દરોડા પાડ્યા હતા. આ હાઈ-વોલ્ટેજ ઓપરેશનમાં પોલીસે ૧૯ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે.

# ચાંદીપુરા વાયરસનો કાળોકેર: 3 માસૂમ બાળકોના મોતથી રાજ્યભરમાં હાહાકાર

## વડનગર સિવિલમાં વધુ એક પોઝિટિવ કેસ દાખલ થતાં તંત્ર એલર્ટ



સુરત/કામરેજ

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ જીવલેણ ચાંદીપુરા વાયરસે પોતાનો અસલી અને ભયાનક મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. રાજ્યમાં આ વાયરસના કારણે અત્યાર સુધીમાં 3 નિર્દોષ બાળકોના કરુણ મોત નીપજ્યા છે, જેને પગલે સમગ્ર આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. સ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે મહેસાણાના વડનગર સિવિલ હોસ્પિટલમાં વધુ એક બાળકનો ચાંદીપુરા વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને તાત્કાલિક આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી સઘન સારવાર શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા જૂના 61 હોટસ્પોટ વિસ્તારોની ઓળખ કરીને ત્યાં યુદ્ધના ધોરણે સર્વે અને માખી-મચ્છરોના નાશ માટે ફોગિંગ તેમજ પાવડર ડસ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વાયરસ ખાસ કરીને 9 મહિનાથી લઈને 14 વર્ષ સુધીના બાળકોને પોતાનો શિકાર બનાવે છે અને તે સેન્ડફ્લાય એટલે કે રેતીની માખી કરડવાથી ફેલાય છે. આ જીવલેણ આફતથી બાળકોને બચાવવા માટે વાલીઓએ તાત્કાલિક આ 6 સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય છે:

1. બાળકોને આખી બાયના કપડાં પહેરાવો: બાળકોના હાથ-પગ ખુલ્લા ન રહે તે રીતે તેમને આખા શરીરને ઢાંકતા કપડાં પહેરાવવાનો આગ્રહ રાખો, જેથી માખી કે મચ્છર કરડી ન શકે.

2. ઘર અને આસપાસ સફાઈ રાખો: રેતીની માખી કાચા મકાનોની તિરાડો, કચરો અને ભેજવાળી જગ્યાએ વધારે જોવા મળે છે. તેથી ઘરમાં ક્યાંય પણ ગંદકી કે ભેજ ન રહેવા દો.

3. મચ્છરદાનીનો ઉપયોગ કરો: રાત્રે અથવા દિવસે બાળકો જ્યારે પણ સૂવે ત્યારે મચ્છરદાનીનો ફરજિયાત ઉપયોગ કરો અને બારી-બારણાં પર નેટ લગાવો.

4. માટી અને ધૂળમાં રમતા અટકાવો: આ માખી રેતી અને માટીની આસપાસ વધુ હોય છે, તેથી આ દિવસોમાં બાળકોને બહાર ધૂળ-માટીમાં રમવા ન જવા દો.

5. રોગપ્રતિકારક શક્તિ વધારે તેવો ખોરાક આપો: બાળકોને પૌષ્ટિક અને ગરમ ખોરાક આપો, જેથી તેમની ઈમ્યુનિટી મજબૂત રહે અને શરીર વાયરસ સામે લડી શકે.

6. લક્ષણો દેખાતા જ તુરંત ડોક્ટરનો સંપર્ક કરો: જો બાળકને અચાનક તીવ્ર તાવ આવે, ઉલટી થાય, માથામાં અસહ્ય દુખાવો થાય અથવા ચક્કર આવે, તો ઘરગથ્થુ ઉપચાર કરવાના બદલે એક પણ મિનિટ ગુમાવ્યા વગર નજીકની સરકારી કે ખાનગી હોસ્પિટલમાં પહોંચો. આમાં વિલંબ જીવલેણ સાબિત થઈ શકે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ ઓપિનિયન:

ચાંદીપુરા વાયરસના કારણે 3 બાળકોના મોત એ સમગ્ર ગુજરાત માટે લાલબત્તી સમાન છે. તંત્ર ભલે 61 હોટસ્પોટ વિસ્તારોમાં સર્વેના દાવા કરતું હોય, પરંતુ સાચી સુરક્ષા આપણા પોતાના હાથમાં છે. એક વાલી તરીકે જાગૃત બનવું એ જ આ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. તમારા બાળકને સુરક્ષિત રાખો અને કોઈપણ સામાન્ય લક્ષણને પણ હળવાશથી ન લો!

# દાંતામાં લોકો રાજસ્થાનની જેમ ખુલ્લેઆમ દારૂ પીતા નજરે પડ્યા

દાંતા

દાંતા તાલુકામાં જ્યારે બુટલેગરોને પોલીસનો ડર જ નહીં રહ્યો તેમ દાંતામાં ઓડવાસ અને દાંતાના અલગ અલગ વિસ્તારોમાં દેશી વિદેશી દારૂનો ધૂમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે દાંતામાં બુટલેગરોને કાયદાનો કોઈ ડર જ નહીં રહ્યો તેમ પોલીસને ખુલ્લો પડકાર ફેંકીને ખુલ્લેઆમ દાંતા પોલીસ સ્ટેશનથી માત્ર 500 મીટરના અંતરમાં જ દેશી વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે અને લોકો જ્યારે રાજસ્થાનમાં બેઠા હોય તે રીતે ખુલ્લેઆમ દારૂ પીતા નજરે પડી રહ્યા છે ત્યારે ગાંધીનગર ગુજરાતમાં માત્ર દારૂબંધી કાગળ ઉપર જ જોવા મળી રહી છે પરંતુ દારૂબંધીનો કાયદો દાંતામાં જ્યારે લાગુ જ ના પડતો હોય તેવું ચોક્કસપણે દેખાઈ રહ્યું છે ત્યારે પાલનપુર રેન્જ પોલીસ દાંતા તાલુકામાં આવીને વિદેશી દારૂ ભરેલી ગાડી જો પકડી શકતી હોય તો દાંતા તાલુકામાં એલસીબી અને દાંતા તાલુકાની પોલીસ કેમ ન પકડી શકે? કે પછી બનાસકાંઠા એલસીબી અને દાંતા તાલુકાની પોલીસનુ આ બુટલેગરો જોડે કોઈ મોટું સેટિંગ હશે કે શું તેવા સવાલો ઉઠી રહ્યા છે ત્યારે દાંતા તાલુકામાં ચાલતા દેશી વિદેશી દારૂના અડ્ડા ઉપર કેટલા કે પોલીસ કર્મીઓના ચારે હાથ હોય તો જ



બુટલેગર ખુલ્લેઆમ દારૂ વેચી શકીએ કારણ કે પોલીસની પરમિશન વગર દારૂની એક થેલી કે પછી એક દારૂની બોટલ પણ વેચી શકીએ ત્યારે હવે એ જોવાનું રહ્યું કે દાંતા તાલુકામાં ચાલતા દેશી વિદેશી દારૂના અડ્ડાઓ ક્યારે બંધ થશે કે પછી ચાલુ રહેશે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

# ડભોઇ-સિરોલા નવો રોડ બન્યો 'મોતનો કૂવો': સાઠોદ ગામ પાસે નાળા ઉપર રેલિંગ ગાયબ..!

ડભોઇ

સરકાર પ્રજાના પૈસે સુવિધાના નામે કેવો ભ્રષ્ટ વહીવટ ચલાવે છે તેનો જીવતો જાગતો નમૂનો ડભોઇ તાલુકામાંથી સામે આવ્યો છે. ડભોઈથી સિરોલા સુધી કરોડો રૂપિયાના ખર્ચે નવો રોડ અને નાળા બનાવવાની કામગીરી તાજેતરમાં જ પૂર્ણ થઈ છે. સરકાર અને નેતાઓ ભલે કરોડોના ખર્ચે રોડ બનાવ્યાની પીઠ થાબડતા હોય, પણ કોન્ટ્રાક્ટર અને સરકારી અધિકારીઓની મિલીભગત અને ઘોર બેદરકારીના કારણે આ કરોડોનો રોડ હવે વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહ્યો છે.



મુખ્ય સમસ્યા ડભોઈ તાલુકાના સાઠોદ ગામ પાસે સર્જાઈ છે. સાઠોદ ગામ પાસે રસ્તાની બિલકુલ બાજુમાં જ એક મોટું અને ઊંડું તળાવ આવેલું છે. આ તળાવના કિનારાના ભાગેથી જ નવો રોડ પસાર થાય છે અને ત્યાં એક મોટું નાળું (ગળનાળું) બનાવવામાં આવ્યું છે.

સરકારી નિયમ સ્પષ્ટ કહે છે કે જ્યાં તળાવ, નદી કે ઊંડી ખીણ જેવો જોખમી ભાગ આવતો હોય, ત્યાં રોડની બંને બાજુ મજબૂત પ્રોટેક્શન વોલ અથવા લોખંડની સુરક્ષા રેલિંગ (Crash Barrier) બનાવવી ફરજિયાત છે. પરંતુ અહીં ભ્રષ્ટાચારની ગંધ એવી આવી રહી છે કે કોન્ટ્રાક્ટરે નાળાની આગળ-પાછળ કે તળાવના કિનારે કોઈ જ પ્રકારની રેલિંગ લગાવી નથી. રસ્તો ખુલ્લો મુકીને કોન્ટ્રાક્ટર બિલ પાસ કરાવી રફુચક્કર થઈ ગયો છે.

સ્થાનિક ગ્રામજનોનો આક્રોશ સાતમા આસમાને છે. રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થવું એટલે મોતના મોઢામાં જવા બરાબર છે. રસ્તા પર સ્ટ્રીટ લાઈટની પૂરતી વ્યવસ્થા નથી અને અંધારામાં તળાવનો કિનારો કે નાળાની કિનારી બિલકુલ દેખાતી નથી. પરિણામે, નવો રોડ બન્યા પછી અત્યાર સુધીમાં કેટલાય મોટરસાયકલ સવારો વળાંક પર અંદાજ ન આવતા સીધા બાઈક સાથે નીચે તળાવમાં ખાબક્યા છે. સદનસીબે હજુ સુધી કોઈનો જીવ નથી ગયો, પણ અનેક યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે.

સાઠોદ ગામના લોકો પૂછી રહ્યા છે કે, 'નવો રોડ બનવાથી અમને ખુશી હતી, પણ રેલિંગ વગરનું આ નાળું ગમે ત્યારે કોઈનો જીવ લઈ શકે છે. રાત્રે અહીંથી પસાર થતા ધ્રુજારી છૂટે છે.

## નડિયાદના વિકાસને લાગશે નવી પાંખો : મંત્રી સંજયસિંહ મહિડા અને મેયર મનીષ પટેલની ઉપસ્થિતિમાં GTPCLની હાઈલેવલ બેઠક

નડિયાદ

નડિયાદ મહાનગરપાલિકા (મનપા) વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામોના સર્વાંગી અને સુવ્યવસ્થિત વિકાસ માટે વહીવટી તંત્ર અને શાસકો એક્શન મોડમાં આવ્યા છે. મનપા વિસ્તારના ગામડાઓને શહેરી કક્ષાની અત્યાધુનિક સુવિધાઓ આપવાના મક્કમ નિર્ધાર સાથે ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ કન્સલ્ટન્સી લિમિટેડ (GTPCL) ની એક અત્યંત મહત્વપૂર્ણ અને હાઈલેવલ બેઠક યોજાઈ ગઈ છે. આ બેઠકમાં નડિયાદના વિકાસને લઈને આગામી સમયનો મોટો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

નડિયાદ ખાતે યોજાયેલી આ ખાસ બેઠકમાં ગુજરાત સરકારના મંત્રી સંજયસિંહ મહિડા અને નડિયાદ મનપાના મેયર મનીષભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય એજન્ડા નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા તમામ ગામોનો ઉચ્ચ ગુણવત્તાયુક્ત, આધુનિક અને સુવ્યવસ્થિત વિકાસ કરવાનો છે. મંત્રી અને મેયરે અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે.

### રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઘુસાડવાનું મોટું કાવતરું નિષ્ફળ બનાવતી બનાસકાંઠા પોલીસ

# ચિત્રાસણી પાસે નાકાબંધી કરી અમદાવાદના બે બુટલેગરોને 1.42 લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

પાલનપુર

ગુજરાત સરકારની દારૂબંધી અંગેની 'ઝીરો ટોલરન્સ' નીતિને સાર્થક કરવા માટે બનાસકાંઠા પોલીસ કડક એક્શન મોડમાં જોવા મળી રહી છે. સરહદી રાજ્ય રાજસ્થાનમાંથી થતી ગેરકાયદેસર દારૂની હેરાફેરીને નેસ્તનાબૂદ કરવા માટે બનાસકાંઠા રેન્જ આઈ.જી. શ્રી પરીક્ષિતા રાઠોડ (IPS) અને બનાસકાંઠા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે (IPS) દ્વારા સ્પેશિયલ ટીમો બનાવી અસરકારક નાકાબંધી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા.

જેના અનુસંધાને પાલનપુર LCB પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.એમ. રાઠોડ તેમજ PSI આર.બી. જાડેજા અને જે.એસ. ગઢવીની આગેવાનીમાં અલગ-અલગ ટીમો કાર્યરત હતી. આજરોજ LCB ટીમના હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ, કનકસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ



નિશાંતને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ચિત્રાસણી ગામ પાસે વોચ ગોઠવી કડક નાકાબંધી કરી હતી.

દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી બે મોટરસાયકલ (નંબર: GJ.01.LM.7291 અને GJ.01.NJ.6452) ને અટકાવીને તપાસ કરવામાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બુટલેગરોએ બાઈકની સીટ નીચે ખાસ ગુપ્ત ખાના બનાવ્યા હતા, જેમાં બિનઅધિકૃત રીતે દારૂ છુપાવ્યો હતો.

પોલીસે બાઈકની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૨૪ બોટલો (કિંમત રૂ. ૭૭,૧૫૩/-) મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી બે બુટલેગરોની ધરપકડ કરી છે:

૧. પ્રદિપભાઈ વિરસંગભાઈ પરમાર (રહે. કુબેરનગર, અમદાવાદ)

૨. નરેન્દ્રભાઈ નરસીભાઈ પરમાર (રહે. છારાનગર, અમદાવાદ)

પોલીસે દારૂની બોટલો ઉપરાંત ૨ બાઈક (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) અને ૨ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૫,૦૦૦/-) મળીને કુલ રૂપિયા ૧,૪૨,૧૫૩/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

રાજસ્થાનથી દારૂનો આ જથ્થો ગુજરાતમાં ઘુસાડવાના ગુનાહિત ષડયંત્ર બદલ બંને આરોપીઓ વિરૂદ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કઠલાલ અને કપડવંજમાં કેસ નોંધાતા ખળભળાટ

# ખેડા જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો કહેર: બે નિર્દોષ બાળકો સકંજામાં, આરોગ્ય વિભાગમાં મચી દોડધામ!

ખેડા

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ એક તરફ રોગચાળો માથું ઊંચકી રહ્યો છે, ત્યાં બીજી તરફ ખેડા જિલ્લામાંથી અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ખેડા જિલ્લામાં જીવલેણ ગણાતા ચાંદીપુરા વાયરસનો કહેર જોવા મળ્યો છે. જિલ્લામાં એકસાથે બે માસૂમ બાળકોમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા જ સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, ખેડા જિલ્લાના બે અલગ-અલગ તાલુકાઓમાંથી આ શંકાસ્પદ કેસ પ્રકાશમાં આવ્યા છે: કઠલાલ તાલુકો: કઠલાલના શીરાની મુવાડી ગામના એક 4 વર્ષના માસૂમ બાળકનો રિપોર્ટ શંકાસ્પદ આવ્યો છે.







કપડવંજ તાલુકો: કપડવંજના સાલોડ ગામમાં માત્ર 1 વર્ષના બાળકમાં પણ આ જ વાયરસના લક્ષણો જોવા મળ્યા છે.

બંને બાળકોની સ્થિતિ ગંભીર જણાતા તેમને તાત્કાલિક વધુ સઘન સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ હાલ તેમની સારવાર ચાલી રહી છે.

એકસાથે બે શંકાસ્પદ કેસો સામે આવતા જ ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગમાં ભારે નાસભાગ મચી ગઈ છે. તંત્ર તાબડતોબ એક્શન મોડમાં આવી ગયું છે.

જે ગામોમાં કેસ જોવા મળ્યા છે, ત્યાં આરોગ્ય વિભાગની વિશેષ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

હાલ તંત્ર દ્વારા નીચે મુજબની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે:

પ્રભાવિત ગામોમાં ઘરે-ઘરે જઈને હેલ્થ સર્વે કરવામાં આવી રહ્યો છે.

વાયરસ ફેલાવનારી સેન્ડફ્લાય (રેતીની માખી)ના નાશ માટે ગામમાં સફાઈ અભિયાન અને પાવડર ડસ્ટિંગ શરૂ કરાયું છે.

સ્થાનિક લોકોને વાયરસથી બચવા માટે જરૂરી માર્ગદર્શન અને તકેદારી રાખવાની કડક સૂચનાઓ આપવામાં આવી રહી છે.

# મહેમદાબાદમાં બાળ લગ્નોનો ચોંકાવનારો ખુલાસો: સાંસદ દેવુસિંહ ચૌહાણનું સ્ફોટક નિવેદન

## ડિજિટલ યુગમાં પણ બાળ લગ્નો આટલી મોટી સંખ્યામાં કેવી રીતે થઈ રહ્યા છે? : સાંસદ દેવુસિંહ ચૌહાણ

ખેડા

ખેડા લોકસભા મતવિસ્તારના સાંસદ દેવુસિંહ ચૌહાણે મહેમદાબાદ ખાતે આયોજિત એક જાહેર મંચ પરથી સામાજિક વ્યવસ્થાની આંખ ઉઘાડતું અત્યંત ચોંકાવનારું અને સ્ફોટક નિવેદન આપ્યું છે. મહેમદાબાદમાં યોજાયેલા ટીબી મુક્ત અભિયાન કાર્યક્રમ દરમિયાન સાંસદે સત્તાવાર આરોગ્ય સર્વેના આંકડા ટાંકીને ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ વ્યાપકપણે ચાલતી બાળ લગ્નની કુપ્રથા અને માનસિકતા પર આકરા પ્રહારો કર્યા છે. આ ખુલાસાને પગલે સમગ્ર ખેડા જિલ્લાના સામાજિક અને વહીવટી ક્ષેત્રે મોટો ખળભળાટ મચી ગયો છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદની અને અધિકારીઓને સંબોધતા સાંસદ દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે, ગ્રામીણ વિસ્તારોમાં પ્રવર્તતી ચોક્કસ કુપ્રથાઓ, જૂની માન્યતાઓ અને અજ્ઞાનતાના કારણે આજે પણ નાની ઉંમરે જ દીકરીઓના લગ્ન કરાવી દેવામાં આવે છે. આ કડવી વાસ્તવિકતાને સ્વીકારતા તેમણે આરોગ્ય વિભાગના સત્તાવાર સર્વેના આંકડા



જાહેર કર્યા હતા.

સાંસદે આપેલા આંકડા મુજબ, માત્ર મહેમદાબાદ વિસ્તારમાં જ: ૧૭ વર્ષની કુમળી ઉંમરે ૧૮ જેટલી દીકરીઓ ગર્ભવતી બની હોવાનું સામે આવ્યું છે. ૧૮ વર્ષની કાયદેસરની ઉંમર વટાવે તે પહેલાં જ ૪૮ જેટલી બાળકીઓ માતા બની ચૂકી છે.

દેવુસિંહ ચૌહાણે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, આ કોઈ સામાન્ય આંકડા નથી પરંતુ એક ગંભીર સામાજિક દૂષણની સાબિતી છે. નાની ઉંમરે લગ્ન અને ત્યારબાદ ગર્ભધારણ કરવાને કારણે આ દીકરીઓનું શરીર હજુ સંપૂર્ણ વિકસિત હોતું નથી, જેના લીધે તેઓ ગંભીર એનિમિયા (લોહીની ઉણપ), ટીબી અને કૂપોષણ જેવી જીવલેણ બીમારીઓનો ભોગ બને છે. આ કુપ્રથા માત્ર દીકરીના સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ આવનારા બાળકના ભવિષ્યને પણ અંધકારમાં ધકેલે છે. સાંસદના આ નિવેદને સરકારી તંત્ર અને સામાજિક સંગઠનોની કામગીરી સામે પણ સવાલો ઊભા કર્યા છે કે ડિજિટલ યુગમાં પણ બાળ લગ્નો આટલી મોટી સંખ્યામાં કેવી રીતે થઈ રહ્યા છે? દેવુસિંહ ચૌહાણે ગ્રામીણ સમાજના આગેવાનો, પરિવારો અને વહીવટી તંત્રને અપીલ કરી છે કે આ કુપ્રથાને જડમૂળથી નાબૂદ કરવા માટે યુદ્ધના ધોરણે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે અને દીકરીઓને ભણાવી-ગણાવીને પગભર કરવામાં આવે, નહીં કે નાની ઉંમરે લગ્નગ્રંથિથી બાંધીને તેમના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવે.

# ઉપલેટામાં જુગારધામ પર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો દરોડો : બે આરોપીઓ રોકડા રૂ.74,400 સાથે ઝડપાયા, બે ફરાર

રાજકોટ

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ ગ્રામ્યમાં દ્વારા દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત LCB શાખાના સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારનો એક ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ઉપલેટા ખાખીજાળીયા રોડ ઉપર આવેલ પ્રવીણ ઉર્ફે મયુર નારણભાઈ ધુલના કબજા ભોગવટાની વાડીની ઓરડીના મકાનમાં બહારથી માણસો બોલાવી તીન પત્તીનો જુગાર રમાડવામાં આવી રહ્યો હતો. આ સ્થળે લાઈટ-પાણીની તેમજ જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી જુગારનો અખાડો ચલાવવામાં આવતો હોવાની હકીકત મળતા પોલીસે ત્યાં રેડ પાડી હતી. આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂ.૭૪,૭૦૦ ની



રોકડ રકમ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ઉપલેટા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી બે આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં (૧) પ્રવીણ ઉર્ફે મયુર નારણભાઈ ધુલ (રહે.ઉપલેટા પ્લોટ વિસ્તાર, ) અને (૨) પરેશભાઈ કાન્તીભાઈ કાલાવડીયા (રહે. ઉપલેટા કોલકી રોડ,) નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય બે આરોપીઓ (૩) મેહુલભાઈ પીઠાભાઈ સુવા (રહે. ઉપલેટા પ્લોટ વિસ્તાર) અને (૪) સંજયભાઈ વાઘેલા (રહે. સમઢીયાળા, તા. ઉપલેટા) નાસી જવામાં સફળ રહ્યા હતા, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### ભાવનગરમાં SMCનો મોટો સપાટો

# કરોડો રૂપિયાની વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) વેચવા નીકળેલી આંતરરાજ્ય ટોળકીને પોલીસે દબોચી લીધી!

ભાવનગર

ભાવનગર શહેરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે એક પ્રશંસનીય ઓપરેશન પાર પાડીને આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતી વ્હેલ માછલીની ઉલ્ટી એટલે કે 'એમ્બરગ્રીસ' ના ગેરકાયદેસર કારોબારનો પર્દાફાશ કર્યો છે. પ્રતિબંધિત કિંમતી એમ્બરગ્રીસનો જથ્થો વેચવા માટે ગ્રાહકની શોધમાં ફરતી એક શાતિર ગેંગને એસએમસીની ટીમે બાતમીના આધારે ફિલ્મી ઢબે કોર્ડન કરીને ઝડપી પાડી છે.

મળતી વિગતો મુજબ, ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ અને પાકી બાતમી મળી હતી કે ભાવનગર પંથકમાં કેટલાક શખ્સો વ્હેલ માછલીની કિંમતી ઉલ્ટી (એમ્બરગ્રીસ) નો જથ્થો લઈને મોટા સોદાની ફિરાકમાં ફરી રહ્યા છે. આ બાતમીના આધારે એસએમસીની ટીમે સ્થાનિક સ્તરે જાળ બિછાવીને વોચ ગોઠવી હતી.

પોલીસે શંકાસ્પદ શખ્સોને આંતરીને તેમની તલાશી લેતા તેમની પાસેથી વ્હેલ માછલીની કિંમતી ઉલ્ટીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે એમ્બરગ્રીસના જથ્થા સાથે હજારો રૂપિયા રોકડા, મોબાઈલ ફોન અને વાહનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરીને આખી ટોળકીની ધરપકડ કરી લીધી છે. આ જપ્ત કરાયેલા એમ્બરગ્રીસની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડો રૂપિયા હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે. એમ્બરગ્રીસને સમુદ્રનું 'તરતું સોનું' કહેવામાં આવે છે. તે સ્પર્મ વ્હેલ માછલીના પાચનતંત્રમાંથી નીકળતો એક મીણ જેવો પદાર્થ છે. દુનિયાના સૌથી મોંઘા અને બ્રાન્ડેડ અત્તર (Perfumes) બનાવવામાં એમ્બરગ્રીસનો ઉપયોગ થાય છે, કારણ કે તે અત્તરની સુગંધને લાંબા સમય સુધી ટકાવી રાખવામાં મદદ કરે છે.

વન્યજીવ સંરક્ષણ અધિનિયમ (Wildlife Protection Act) અંતર્ગત વ્હેલ માછલી અને તેની સાથે જોડાયેલી કોઈપણ વસ્તુના વેપાર કે હેરફેર પર ભારતમાં કડક પ્રતિબંધ છે. SMC દ્વારા પકડાયેલા તમામ આરોપીઓને આગળની કાનૂની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ સ્ટેશન અને વન વિભાગ (Forest Department) ને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ટોળકી સમુદ્રના કયા કિનારેથી આ જથ્થો લાવી હતી? આ નેટવર્કના તાર કયા આંતરરાષ્ટ્રીય સ્મગલરો સાથે જોડાયેલા છે? અને ભાવનગરમાં આ કરોડોનો મુદ્દામાલ કોણ ખરીદવાનું હતું?

### હત્યારાઓ ફરાર, પોલીસ દોડતી થઈ!

# વડોદરાના પાદરામાં સનસનાટી: સાંગમા કેનાલ પાસે મહિલાની ક્રૂર હત્યા કરી લાશ પાણીમાં ફેંકી

વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાંથી કાળજું કંપાવી દેનારી એક ક્રાઈમ ઘટના સામે આવી છે. પાદરાના સાંગમા ગામ પાસે આવેલી કેનાલમાંથી એક અજ્ઞાત મહિલાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો ક્રૂર હત્યાનો હોવાનું સામે આવતા જ સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, પાદરા તાલુકાના સાંગમા ગામ પાસેથી પસાર થતી કેનાલ પાસે આ લોહીયાળ ખેલ ખેલાયો હતો. કોઈ અજાણ્યા હત્યારાઓએ એક યુવાન મહિલાને નિશાન બનાવીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી.

પુરાવા નાશ કરવાનો પ્રયાસ: પાપીઓએ ગુના પર પડદો પાડવા અને પુરાવાનો નાશ કરવાના ઈરાદે મહિલાના મૃતદેહને કેનાલના વહેતા પાણીમાં ફેંકી દીધો હતો અને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

સ્થાનિકોએ લાશ જોઈ: કેનાલના પાણીમાં મહિલાની લાશ તરતી હોવાનું સ્થાનિક ગ્રામજનોના ધ્યાને આવતા જ લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા પાદરા પોલીસ સ્ટેશનનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી મહિલાના મૃતદેહને કેનાલમાંથી બહાર કઢાવ્યો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે કે મહિલાને કયા હથિયારથી અને કેટલી ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારવામાં આવી છે.

## તંત્રી લેખ...

# કડવું છે પણ સત્ય છે... દરેક દીકરીને પિતા જેવો પતિ જોઈએ છે, પણ માતા જેવી પરિસ્થિતિ સહન કરવી નથી!


આજના આધુનિક જમાનામાં લગ્ન જેટલી ઝડપથી થાય છે, એટલી જ ઝડપથી સંબંધો તૂટી પણ રહ્યા છે. કોર્ટના પગથિયાં ચડતા છૂટાછેડાના કેસોમાં એક નવો ટ્રેન્ડ અને સામાજિક માનસિકતા સામે આવી રહી છે.

ઉપરછલ્લી રીતે જોતાં ભલે કદાચ આ વાત અજુગતી લાગે, પણ ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો આ એક એવું કડવું સત્ય છે જે આજના ફેમિલી કાઉન્સિલર્સ પણ સ્વીકારી રહ્યા છે: 'દરેક છોકરીને પોતાના પિતા જેવો પ્રેમ અને સુવિધા આપતો પતિ જોઈએ છે, પરંતુ પોતાની માતાએ જે રીતે ઘર અને પરિવાર માટે જતું કર્યું, એવી પરિસ્થિતિ સહન કરવી નથી.'

આ વિષય પર 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આ ખાસ અને વિગતવાર સામાજિક લેખ.

### 1. પિતાની છત્રછાયા અને પતિ પાસેથી અપેક્ષાઓ

એક દીકરી માટે તેનો બાપ હંમેશાં એક 'સુપરહીરો' હોય છે. પિતાએ દીકરીની નાની-મોટી તમામ જીદ પૂરી કરી હોય છે, તેને



ક્યારેય કોઈ તકલીફ પડવા દીધી હોતી નથી. દીકરી જ્યારે મોટી થઈને સાસરે જાય છે, ત્યારે તે અજાણતા જ પોતાના પતિમાં પણ એ જ 'પિતા'ની ઝલક શોધે છે.

તે ઈચ્છે છે કે પતિ તેની દરેક વાત માને, તેને પિતાની જેમ જ લાડ-કોડ લડાવે અને તેની ભૂલોને માફ કરી દે. પરંતુ તે એ ભૂલી જાય છે કે: પિતા અને દીકરીનો સંબંધ લોહીનો અને નિઃસ્વાર્થ છે, જેમાં પિતા વર્ષોના અનુભવ પછી એ સ્થાને પહોંચ્યા છે.

પતિ સાથેનો સંબંધ નવો છે અને સમાનતાનો છે. પતિ પણ પોતાની કારકિર્દી ઘડવાની મથામણ અને સામાજિક જવાબદારીઓ વચ્ચે સંઘર્ષ કરતો એક સામાન્ય માણસ છે, કોઈ સુપરહીરો નથી.

### 2. માતાની પરિસ્થિતિ અને આજના જમાનાનો અસ્વીકાર

આપણી માતાઓએ આખી જિંદગી પરિવારને સાચવવામાં કાઢી નાખી. સાસુ-સસરાની સેવા કરવી, પતિના ગુસ્સાને શાંતિથી સહન કરી લેવો, આર્થિક સંકડામણ હોય તો પણ ઘર ચલાવી લેવું અને ક્યારેય કોઈ ફરિયાદ ન કરવી - આ આપણી માતાઓની ખાસિયત હતી.

આજની ભણેલી-ગણેલી અને આત્મનિર્ભર છોકરીઓ આ પરિસ્થિતિને જોતી આવી છે. તેમના મનમાં એક ડર છે કે, 'હું મારી મમ્મીની જેમ અન્યાય કે બંધનો સહન નહીં કરું.' આ વિચાર ખોટો નથી, સ્વાભિમાન હોવું જ જોઈએ, પણ સ્વાભિમાન જ્યારે અહંકાર (Ego)માં બદલાઈ જાય છે ત્યારે મુશ્કેલી શરૂ થાય છે.

આજની પેઢીમાં ત્યાગ, સમર્પણ અને થોડું જતું કરવાની ભાવના (Compromise) ઓછી થતી જાય છે. નાની અમથી તકરાર કે સાસરિયાંની સામાન્ય અપેક્ષાઓને પણ 'ટોર્ચર' માની લેવામાં આવે છે અને વાત સીધી છૂટાછેડા સુધી પહોંચી જાય છે.

### 3. સંબંધો તૂટવાના મુખ્ય ત્રણ પિલર

અવાસ્તવિક અપેક્ષાઓ (Unrealistic Expectations): ઈન્સ્ટાગ્રામ અને સોશિયલ મીડિયાના ફેન્સી કપલ્સ જોઈને રિયલ લાઈફમાં પણ એવી જ અપેક્ષા રાખવી.

સહનશક્તિનો અભાવ: પિતાના ઘરે ક્યારેય કશું સાંભળ્યું ન હોય, એટલે સાસરામાં નાની સરખી શિખામણ કે રોકટોક પણ અસહ્ય લાગે છે.

બે પરિવારો વચ્ચે તાલમેલનો અભાવ: લગ્ન બે વ્યક્તિના નહીં પણ બે પરિવારોના છે, એ વાત સ્વીકારવા બંને પક્ષે કોઈ તૈયાર હોતું નથી.

### પાક્કો ગુજરાત ન્યૂઝ ઓપિનિયન અને સમાધાન:

વાત કડવી જરૂર છે પણ આજના સમયનો આયનો છે. સ્ત્રીઓનું સશક્તિકરણ થવું ખૂબ જરૂરી છે અને કોઈએ પણ અત્યાચાર સહન ન જ કરવો જોઈએ. પરંતુ તેની સાથે એ પણ સમજવું પડશે કે સંસાર રથના બે પૈડાં છે.

જો પિતા જેવો પ્રેમ અને આર્થિક સુરક્ષા જોઈતી હોય, તો માતા જેવી થોડી ધીરજ, સમજદારી અને પરિવારને જોડી રાખવાની કળા પણ શીખવી પડશે.

લગ્ન એ 'અપેક્ષાઓની દુકાન' નથી, પણ 'સમજણની સરવાણી' છે. જો બંને પક્ષે થોડી નમ્રતા અને સહનશીલતા રાખવામાં આવે, તો કોર્ટના ચક્કર કાપવા ન પડે અને કોઈનું ઘર ભાંગતા બચી જાય.

# ગુજરાત રાજકારણનો સૌથી તેજસ્વી ચહેરો

## ઉપમુખ્યમંત્રી જેવો જ દબદબો ધરાવતા હર્ષ સંઘવીની લોકપ્રિયતા અને પાવરફુલ કામગીરીનો ખાસ અહેવાલ

ગુજરાતના રાજકારણમાં જ્યારે પણ યુવા જોશ, ત્વરિત નિર્ણયો અને પ્રજાલક્ષી અભિગમની વાત આવે છે, ત્યારે એક નામ સૌથી મોખરે ઉભરીને આવે છે - હર્ષ સંઘવી. માત્ર સુરતના એક સામાન્ય યુવા કાર્યકર્તાથી લઈને રાજ્યના સૌથી મહત્વપૂર્ણ ગણાતા ગૃહ વિભાગનો કાર્યભાર સંભાળવા સુધીની તેમની સફર અદ્ભુત અને પ્રેરણાદાયી છે. ભલે તેઓ સત્તાવાર રીતે ગૃહ રાજ્યમંત્રી હોય, પરંતુ આખી સરકારમાં અને જનતાની વચ્ચે તેમનો પ્રભાવ એક 'ઉપમુખ્યમંત્રી' જેવો જ પાવરફુલ જોવા મળે છે. તેમની આ જ સક્રિયતાના કારણે જનતા તેમને ગુજરાતના 'સુપર મિનિસ્ટર' તરીકે જુએ છે.



'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના વાચકો માટે પ્રસ્તુત છે હર્ષ સંઘવીના વ્યક્તિત્વ અને તેમની જોરદાર કામગીરી પરનો આ ખાસ લેખ.

૧. સુરતના સપૂતથી પાવરફુલ મંત્રી સુધીની સફર

હર્ષ સંઘવીનો જન્મ ૮ જાન્યુઆરી ૧૯૮૫ના રોજ સુરતના એક પ્રતિષ્ઠિત પરિવારમાં થયો હતો. ખૂબ જ નાની ઉંમરથી સામાજિક સેવા અને રાજકારણમાં રસ ધરાવતા હર્ષ સંઘવી ભાજપના યુવા મોરચાના સક્રિય સભ્ય બન્યા હતા.

સૌથી યુવા ધારાસભ્ય: વર્ષ ૨૦૧૨માં માત્ર ૨૭ વર્ષની ઉંમરે સુરતની મજુરા બેઠક પરથી ચૂંટણી લડીને તેઓ ગુજરાત વિધાનસભાના સૌથી યુવા ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણીઓમાં પણ તેમણે રેકોર્ડબ્રેક મતોથી જીત હાસિલ કરી પોતાની લોકપ્રિયતા સાબિત કરી બતાવી.

મંત્રીમંડળમાં મોટું સ્થાન: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારમાં હર્ષ સંઘવીને ગુજરાતના ગૃહ મંત્રી જેવી અત્યંત જવાબદારીપૂર્વકની ખુરશી સોંપવામાં આવી. ગૃહ વિભાગ ઉપરાંત રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પરિવહન જેવા મહત્વના વિભાગો પણ તેઓ સંભાળી રહ્યા છે, જે દર્શાવે છે કે સરકારમાં તેમનું કદ કેટલું મોટું છે.

૨. એક્શન મોડ અને ગ્રાઉન્ડ ઝીરો પર કામ કરવાની સ્ટાઈલ

હર્ષ સંઘવીની સૌથી મોટી ચિત એ છે કે તેઓ એસી કેબિનમાં બેસીને ઓર્ડર આપવાને બદલે પોતે ગ્રાઉન્ડ ઝીરો પર જઈને કામ કરવાનું પસંદ કરે છે, જે સામાન્ય રીતે કોઈ મોટા નેતા કે ઉપમુખ્યમંત્રી કક્ષાના અધિકારી જ કરતા હોય છે.

મોડી રાત્રે સરપ્રાઈઝ વિઝીટ: ગૃહમંત્રી બન્યા બાદ તેમણે અવારનવાર મોડી રાત્રે વિવિધ શહેરોમાં પોલીસ સ્ટેશનો અને ચેકપોસ્ટની અચાનક મુલાકાત લઈને પોલીસ તંત્રને સતત એલર્ટ મોડ પર રાખ્યું છે.

આપત્તિ વ્યવસ્થાપન: સુરતમાં ખાડી પૂરની સ્થિતિ હોય કે વાવાઝોડાની આફત, હર્ષ સંઘવી પોતે મધ્યરાત્રિ સુધી કંટ્રોલ રૂમમાં બેસીને અથવા અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને રાહત કામગીરીનું સીધું મોનિટરિંગ કરે છે.

૩. કાયદો અને વ્યવસ્થા: ગુનેગારોમાં ફફડાટ

હર્ષ સંઘવીના કાર્યકાળ દરમિયાન ગુજરાત પોલીસે ગુનાખોરી સામે લાલ આંખ કરી છે. તેમના નેતૃત્વમાં લેવાયેલા કેટલાક મુખ્ય નિર્ણયો અને ઝુંબેશ આ મુજબ છે:

ડ્રગ્સ માફિયાઓ સામે સર્જિકલ સ્ટ્રાઈક: ગુજરાતના દરિયાકાંઠેથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને 'ડ્રગ્સ ફ્રી ગુજરાત'ના અભિયાનને વેગ આપ્યો છે. યુવા પેઢીને બરબાદ કરતા નશાના કાળા કારોબારના મૂળિયાં હચમચાવી દીધા છે.

વ્યાજખોરો સામે મહાઝુંબેશ: ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આત્મહત્યા કરવા મજબૂર કરતા વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે તેમણે રાજ્યવ્યાપી લોકદરબાર યોજ્યા અને સેંકડો લોભી વ્યાજખોરોને જેલ ભેગા કર્યા.

મહામારી અને પૂર દરમિયાન કડક આદેશ: પૂરની સ્થિતિમાં અધિકારીઓનો મોડી રાત સુધી ક્લાસ લેવો અને જનતાને ત્વરિત સહાય પહોંચાડવી એ તેમની આગવી વહીવટી કુશળતા દર્શાવે છે.

૪. યુવા હૃદય સમ્રાટ અને સોશિયલ મીડિયા પર કનેક્ટિવિટી

હર્ષ સંઘવી આજના ડિજિટલ યુગના નેતા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેઓ લાખો યુવાનો સાથે સીધા જોડાયેલા છે. જો કોઈ સામાન્ય નાગરિક ટ્વિટર (X) પર પણ પોલીસ સહાય કે મુશ્કેલી અંગે તેમને ટેગ કરે, તો હર્ષ સંઘવીની ઓફિસ દ્વારા ત્વરિત સંજ્ઞાન લઈને મદદ પહોંચાડવામાં આવે છે. આ જ કારણ છે કે પ્રજા તેમને પોતાના સૌથી નજીકના અને પાવરફુલ રક્ષક માને છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ ઓપિનિયન:

હર્ષ સંઘવી માત્ર એક મંત્રી નથી, પરંતુ નવી પેઢીના વિકાસશીલ વિચારના પ્રતીક છે. ભલે સત્તાવાર રીતે ડેપ્યુટી સીએમનું પદ અત્યારે અસ્તિત્વમાં નથી, પણ હર્ષ સંઘવી જે રીતે આખા રાજ્યના વહીવટ અને ગૃહ વિભાગને એકહથ્થુ અને મજબૂતાઈથી ચલાવી રહ્યા છે, તે જોતા સાબિત થાય છે કે તેઓ ગુજરાત સરકારના 'અઘોષિત ઉપમુખ્યમંત્રી' જેવો જ પાવર ધરાવે છે. ભવિષ્યના ગુજરાતના રાજકારણમાં તેમનું કદ હજુ કેટલું ઊંચું જશે, તે જોવું રસપ્રદ રહેશે!

# 'મોદી સાહેબ, ક્યાં સુધી પ્રજા પોતાના સ્વજનો ગુમાવતી રહેશે?'

## સુરતના અલ્પેશ દેસાઈના પૂરના પાણીમાં તણાવાથી કરુણ મોત બાદ સિસ્ટમ સામે સળગતા સવાલો...!

સુરતમાં સર્જાયેલી પૂરની ભયાવહ સ્થિતિએ વધુ એક હસતા-રમતા પરિવારનો માળો વિખી નાખ્યો છે. મોટા વરાછા વિસ્તારમાં રહેતા અલ્પેશભાઈ દેસાઈ ખાડીપુરના ધસમસતા પાણીમાં તણાવાને કારણે કાળનો કોળિયો બની ગયા છે.

આ કરુણ ઘટનાથી સમગ્ર સુરત અને ગુજરાતમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે, પરંતુ શોકની સાથે-સાથે હવે જનતામાં સિસ્ટમ, ભ્રષ્ટ અધિકારીઓ અને નેતાઓ સામે જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.

પીડિત જનતા હવે સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે આક્રોશભેર સવાલો પૂછી રહી છે કે, પ્રજાના આ બલિદાન ક્યાં સુધી?

'મોદી સાહેબ, પ્રાઈવેટ કંપનીઓ માટે જેલ તો સરકારી બાબુઓ માટે કેમ નહીં?'

અલ્પેશભાઈના આકસ્મિક અને કરુણ મોતથી વ્યથિત નાગરિકોનો ગુસ્સો સાતમા આસમાને છે. સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ પર જનતા પીએમ મોદીને સીધી અપીલ અને સવાલ કરી રહી છે:

'જો ખાનગી કંપનીઓમાં નાની ભૂલ બદલ કે બેદરકારી બદલ જેલની સજાની જોગવાઈ હોઈ શકે, તો કરોડો રૂપિયાના પગાર અને ભ્રષ્ટાચારના નાણાં ઓડકારતા સરકારી બાબુઓ (અધિકારીઓ) અને નેતાઓ માટે કાયદો કેમ ઢીલો? મોદી સાહેબ, તમે સત્તા પર છો, તમારા માટે આ નવો નિયમ બનાવવો શું મોટી વાત છે?'

જનતાની લાલ આંખ: 'ટ્રાન્સફર નહીં, સીધી ૧૦ થી ૨૦ વર્ષની જેલની સજા કરો!'

આજે સુરતની જનતા તંત્રના પાપે પોતાના સ્વજનો ગુમાવી રહી છે ત્યારે પ્રજાની માંગણી હવે અત્યંત આકરી અને ઘાતક બની છે:

સીધી જેલ ભેગા કરો: માત્ર સસ્પેન્ડ કરવાથી કે નોકરીમાંથી કાઢવાથી કંઈ વળવાનું નથી. જે અધિકારીઓની બેદરકારીથી પાણી ભરાયા કે લોકોના મોત થયા, તેમને સીધા ૧૦ થી ૨૦ વર્ષની જેલની સજાનો કડક નિયમ બનાવો.

બદલી એ સજા નથી, પગાર-પેન્શન કાપો: જે અધિકારીઓએ પ્રી-મોન્સૂન કામગીરીમાં વેઠ ઉતારી છે, તેમની માત્ર બદલી (ટ્રાન્સફર) કરીને મામલો થાળે ન પાડો.

સબક શીખવવા માટે તાત્કાલિક અસરથી તેમનો પગાર ૨૫% ઓછો કરો અને ભવિષ્યનું પેન્શન કાયમ માટે બંધ કરો, તો જ આ સરકારી બાબુઓ સીધા દોર થશે.

પાક્કો ગુજરાત ન્યૂઝ ઓપિનિયન:

અલ્પેશભાઈ દેસાઈનું મોત એ માત્ર એક અકસ્માત નથી, પણ સુરત મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહીવટ અને સરકારી તંત્રની ઘોર બેદરકારી દ્વારા કરવામાં આવેલી 'હત્યા' છે! સુરતની જનતાએ જે આર્થિક અને માનસિક નુકસાન વેઠ્યું છે, અને જે જિંદગીઓ ગુમાવી છે, તે સૅક્રિફાઈસ (બલિદાન) વ્યર્થ ન જવું જોઈએ.


વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્ય સરકાર સમક્ષ જનતાનો આ સળગતો આક્રોશ છે. જો ખરેખર 'ડબલ એન્જિન' સરકાર પ્રજાની ચિંતા કરતી હોય, તો આ એસી કેબિનમાં બેસતા બાબુઓ સામે એવો કડક કાયદો લાવો કે બીજી વાર કોઈ અલ્પેશભાઈએ પોતાનો જીવ ન ગુમાવવો પડે. સિસ્ટમમાં આ સુધારો હવે અનિવાર્ય છે!

અલ્પેશભાઈ દેસાઈના આત્માને ભગવાન શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે... સુરત પૂરના ગ્રાઉન્ડ રિપોર્ટ માટે જોતા રહો 'પાક્કો ગુજરાત ન્યૂઝ'.

# જ્યાં બોલેલા શબ્દો વ્યર્થ નીવડે, ત્યાં મૌન રહેવું જ યોગ્ય છે... સમજવા જેવું જીવન સત્ય!

આજના ભાગદોડ અને દેખાડાથી ભરેલા જમાનામાં દરેક વ્યક્તિ પોતાની જાતને સાચી સાબિત કરવાની હોડમાં લાગેલી છે. સોશિયલ મીડિયાના કમેન્ટ બોક્સથી લઈને ઘર-પરિવાર કે ઓફિસની ચર્ચાઓ સુધી, લોકો વગર વિચારે બસ બોલ્યે રાખે છે. પરંતુ જ્ઞાનીઓ કહી ગયા છે કે, 'બોલે તેના બોર વેચાય' એ વાત જૂની થઈ ગઈ, આજના સમયનું નવું અને ધારદાર સત્ય એ છે કે: 'જ્યાં તમારા બોલેલા શબ્દોની કોઈ કિંમત ન હોય, જ્યાં સામેવાળી વ્યક્તિ તમને સમજવા જ તૈયાર ન હોય, ત્યાં દલીલો કરવા કરતાં મૌન ધારણ કરી લેવું એ જ સૌથી મોટું ડહાપણ છે.'

'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના વાચકો માટે પ્રસ્તુત છે મૌનની તાકાત દર્શાવતો આ ખાસ સામાજિક અને પ્રેરણાદાયી લેખ.




૧. શબ્દો ક્યાં વ્યર્થ નીવડે છે?

આપણે ઘણીવાર એવા લોકો પાછળ આપણી ઊર્જા વેડફી નાખીએ છીએ જેઓ આપણને સાંભળે છે ખરા, પણ સમજવા માટે નહીં, માત્ર વળતો પ્રહાર કરવા માટે. આવી પરિસ્થિતિઓ કઈ છે?

અહંકારથી ભરેલી વ્યક્તિ સામે: જે વ્યક્તિ પોતાના અહમ (Ego)માં અંધ છે, તેને તમે ગમે તેટલી સાચી કે તાર્કિક વાત કરશો, તે ક્યારેય સ્વીકારશે નહીં.

જ્યાં પૂર્વગ્રહ (Prejudice) હોય: જો કોઈ વ્યક્તિએ તમારા વિશે મનમાં પહેલેથી જ કોઈ ખરાબ છબી બનાવી લીધી છે, તો તમારા પવિત્ર શબ્દો પણ તેને કડવા લાગશે.

ક્રોધની સ્થિતિમાં: જ્યારે સામેવાળી વ્યક્તિ ગુસ્સામાં લાલચોળ હોય, ત્યારે તેની સમજવાની શક્તિ શૂન્ય થઈ જાય છે. એ સમયે તમે ગમે તેટલી સાચી સલાહ આપશો, તે બળતામાં ઘી હોમવાનું જ કામ કરશે.

૨. મૌન એ નબળાઈ નથી, પણ સર્વોચ્ચ શક્તિ છે

ઘણા લોકો એવું માને છે કે ચૂપ રહી જવું એટલે હાર સ્વીકારી લેવી. પણ વાસ્તવમાં એવું નથી. મૌન એ તમારી નબળાઈ નહીં, પણ તમારી પરિપક્વતા (Maturity) દર્શાવે છે.

ઊર્જાની બચત: નકામી દલીલો કરવાથી મગજ થાકે છે અને માનસિક શાંતિ હણાય છે. જ્યારે તમે મૌન રહો છો, ત્યારે તમે તમારી આંતરિક શક્તિને બચાવી શકો છો.

સામેવાળી વ્યક્તિને આત્મમંથનનો મોકો: જ્યારે તમે કોઈની વાહિયાત વાતનો જવાબ આપવાને બદલે માત્ર સ્મિત સાથે મૌન થઈ જાવ છો, ત્યારે સામેવાળી વ્યક્તિ અંદરથી હલી જાય છે.

તમારું મૌન તેને વિચારવા મજબૂર કરે છે કે તે ક્યાંક ખોટો છે. સંબંધો બચી જાય છે: દુનિયાના મોટાભાગના સંબંધો ખોટા સમયે બોલાયેલા ખોટા શબ્દોને કારણે તૂટે છે. જો કોઈ એક પક્ષે થોડી ક્ષણો માટે મૌન સેવી લેવામાં આવે, તો વર્ષો જૂના સંબંધો પત્તાના મહેલની જેમ વેરવિખેર થતા બચી જાય છે.

૩. ક્યારે અને કેવી રીતે મૌન રહેવું?

મૌન રહેવાનો અર્થ એ નથી કે અન્યાય સામે અવાજ ન ઉઠાવવો. કાયરતા અને મૌન વચ્ચે પાતળી ભેદરેખા છે. જ્યાં રાષ્ટ્ર, સમાજ કે તમારા આત્મસન્માન પર આંચ આવતી હોય ત્યાં બોલવું જ પડે. પરંતુ જ્યાં વ્યક્તિગત સંબંધોમાં માત્ર પિષ્ટપિંજણ થતું હોય, જ્યાં કોઈ તથ્ય ન હોય, ત્યાં જ્ઞાની બનીને વિવાદમાંથી હટી જવું એ જ યોગ્ય છે. ભગવદ્ ગીતામાં પણ કૃષ્ણ ભગવાને ઘણી જગ્યાએ મૌન રહીને જ પરિસ્થિતિઓને નિયંત્રણમાં લીધી હતી.

પાક્કો ગુજરાત ન્યૂઝ ઓપિનિયન:

શબ્દો એ આપણી મૂડી છે, તેને ગમે ત્યાં વેડફી ન નાખો. મોતી જેવા કિંમતી શબ્દો ત્યાં જ વાપરો જ્યાં તેની કદર કરનાર કોઈ ઝવેરી બેઠો હોય.

પથ્થર સામે માથું પછાડવા કરતાં રસ્તો બદલી લેવો સારો. જે વાત તમે સો શબ્દો બોલીને નથી સમજાવી શકતા, તે ક્યારેક તમારું એક ક્ષણનું મૌન સમજાવી દે છે. માટે જ, જીવનમાં સુખી થવું હોય તો ક્યાં બોલવું એ શીખવાની સાથે સાથે ક્યાં ચૂપ રહેવું એ કળા પણ આત્મસાત કરી લો!

# ખોડલધામના ચેરમેન નરેશ પટેલનું મોટું નિવેદન : પ્રેમ કરવો પાપ નથી, પણ માતા-પિતાની ઈચ્છા વિરુદ્ધ લગ્ન ન થાય તે જરૂરી

ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન અને પાટીદાર સમાજના અગ્રણી નરેશ પટેલે યુવા પેઢી, પ્રેમ લગ્ન અને કળાને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને સમાજને વિચારતા કરી મૂકે તેવું નિવેદન આપ્યું છે. એક જાહેર કાર્યક્રમ દરમિયાન તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, પ્રેમ કરવો એ કોઈ પાપ નથી, પરંતુ યુવાનોએ એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે તેમના લગ્ન માતા-પિતાની ઈચ્છા અને સંમતિ વિરુદ્ધ ન થાય. નરેશ પટેલના આ નિવેદનને સામાજિક તાણાવાણા અને પારિવારિક મૂલ્યોને જાળવી રાખવાના એક મજબૂત પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.




આ કાર્યક્રમ દરમિયાન એક ગાયિકા (સિંગર) સાથે વાતચીત કરતી વખતે તેમણે દીકરીઓને કરિયર અને કળા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અનોખી પ્રેરણા આપી હતી. નરેશ પટેલે સિંગરને સંબોધતા કહ્યું હતું કે, તમે લતા મંગેશકરને પોતાના આઈડોલ બનાવો. જો તમે તેમના જેવી સંગીત સાધના કરશો અને પોતાના લક્ષ્ય પર ધ્યાન આપશો, તો જીવનમાં પ્રેમ કે લગ્નને લગતા કોઈ પ્રશ્નો કે મૂંઝવણ ઊભી જ નહીં થાય. કળા પ્રત્યેનું સમર્પણ વ્યક્તિને ખૂબ ઊંચાઈ પર લઈ જાય છે તે વાત પર તેમણે ભાર મૂક્યો હતો.

આજકાલના સમયમાં જ્યારે પ્રેમ લગ્નો અને તેના કારણે પરિવારોમાં ઊભા થતા વિવાદોના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે નરેશ પટેલનું આ નિવેદન ખૂબ જ સંતુલિત અને માર્ગદર્શક માનવામાં આવે છે. તેમણે એક તરફ યુવાનોની લાગણીઓનો સ્વીકાર કરીને પ્રેમ સહેજ પણ ખોટો નથી તેમ સ્વીકાર્યું છે, તો બીજી તરફ પરિવારની ખુશી અને માતા-પિતાના આશીર્વાદ કેટલા અનિવાર્ય છે તે પણ સમજાવ્યું છે. ખોડલધામના ચેરમેનનો આ સંદેશ અત્યારે ગુજરાતભરના પરિવારો અને યુવાનો વચ્ચે ચર્ચાનો વિષય બન્યો છે.

# ડાયરાના સ્ટેજ પર શૂરાતનની મોટી-મોટી વાતો કરનારા કલાકારો ગરીબો અને ખેડૂતો સામે 'ભડવીર' બન્યા

## માયાભાઈ આહિરના સમર્થનમાં એકઠા થયેલા કલાકારો પર સો. મીડિયામાં પ્રચંડ આક્રોશ, બનાવવા ગયા કંસાર અને થઈ ગયું થૂલું!

સ્ટેજ પરથી વીરતા, સંતો અને શૂરવીરોની વાતો કરીને લાખો રૂપિયાની ઘોળ ઉડાવનારા ગુજરાતના નામાંકિત ડાયરા કલાકારો અત્યારે સોશિયલ મીડિયા અને જનતાના નિશાના પર આવ્યા છે. રેશનિંગના ઘઉં ખાઈને પેટ ગુજારો કરનારા ગરીબ પરિવારો અને સામાન્ય જનતા વિરુદ્ધ આ તમામ કલાકારોએ એકજૂથ થઈને માયાભાઈ આહિરને સમર્થન જાહેર કર્યું છે. પરંતુ સોશિયલ મીડિયાનો માહોલ જોતાં એવું લાગી રહ્યું છે કે કલાકારોને આ 'ઉડતું તીર' લેવું ભારે પડી ગયું છે. જનતા પૂછી રહી છે કે સ્ટેજ પર શૂરાતન બતાવનારા આ કલાકારો અસલી ભડવીરો છે કે પછી સત્તા પક્ષના ઠેકેદારો?

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આ મામલે સણસણતો અને ઘાતક અહેવાલ...

માયાભાઈ આહિરના વિવાદિત નિવેદન બાદ જ્યારે સામાન્ય જનતામાં વિરોધનો સૂર ઉઠ્યો, ત્યારે ડાયરાના અન્ય કલાકારોએ જનતાની પીડા સમજવાને બદલે પોતાના સાથી કલાકારના બચાવમાં આવીને એકજૂથતા બતાવી દીધી. કલાકારોએ વિચાર્યું હતું કે તેઓ દબાણ ઊભું કરશે, પણ પાસા ઊંધા પડ્યા છે. સોશિયલ મીડિયા પર જનતાએ આ તમામ કલાકારોનો ક્લાસ લગાવી દીધો છે. કલાકારો જે ઈમેજ સુધારવા ગયા હતા, તેમાં 'બનાવવા ગયા કંસાર અને થઈ ગયું થૂલું' જેવો ઘાટ સર્જાયો છે. રેશનિંગના અનાજ પર જીવતા ગરીબોની મજાક ઉડાવવી કે તેમની સામે શૂરાતન બતાવવું એ કલાકારોને ભારે પડી રહ્યું છે.

આજે ગુજરાતનો સામાન્ય નાગરિક અને ખેડૂત વર્ગ આ કલાકારો સામે લાલચોળ થયો છે. જગતનો તાત કહેવાતો ખેડૂત ધોમધખતા તડકામાં અને ટાઢ-તડકામાં લોહીનું પાણી કરીને ઘઉં પકવે છે. એ જ ઘઉંથી દેશના ગરીબો અને રેશનકાર્ડ ધારકોના પેટનો જઠરાગ્નિ શાંત થાય છે.

જ્યારે આ ખેડૂતો મુશ્કેલીમાં હોય છે, પાક વીમા માટે રઝળતા હોય છે કે કુદરતી આફતમાં તેમનો પાક નિષ્ફળ જાય છે, ત્યારે આમાંથી એક પણ કલાકાર ખેડૂતોના સમર્થનમાં વીડિયો બનાવતો નથી કે તેમની વહારે આવતો નથી. ગરીબો અને ખેડૂતોના હક માટે અવાજ ઉઠાવવામાં જેમનું શૂરાતન ઓગળી જાય છે, તેઓ આજે એક વિવાદિત નિવેદનના સમર્થનમાં એકપગે થઈ ગયા છે.

વાહ રે ભડવીરો... તેં તો વાસ્તવિક રીતે શૂરાતન દેખાડ્યું!




પાક્કો ગુજરાત

રવિવાર | 12 જુલાઈ 2026 | અમદાવાદ

### ખાતર માટે 'મહાભારત' : પૃથ્વીનો તાત લાચારીના આરે

# ભૂખ્યા-તરસ્યા છ-સાત દિવસથી લાંબી લાઈનમાં ઉભા ખેડૂતો




ભાડું ખર્ચીને આવતા અનેક ખેડૂતોને ખાતર વગર જ પરત ફરવાનો વારો; જરૂરિયાત કરતાં ઓછું ખાતર મળતાં ભારે રોષ

**ઝાલોદ, પંકજ પંડિત**

વરસાદી માહોલ વચ્ચે ખેતીનો સૌથી નિર્ણાયક સમય ચાલી રહ્યો છે, પરંતુ પૃથ્વીના અન્નદાતા ખેડૂતને આજે પોતાના ખેતર માટે જરૂરી ખાતર મેળવવા જાણે મહાભારત લડવું પડી રહ્યું હોય તેવી સ્થિતિ ઝાલોદ નગરમાં સર્જાઈ છે. છેલ્લા છથી સાત દિવસથી ખેડૂતો વહેલી સવારથી લાંબી કતારોમાં ઉભા રહી ખાતર મેળવવા ધક્કા ખાઈ રહ્યા છે. કલાકો સુધી ભૂખ્યા-તરસ્યા રાહ જોવા છતાં અનેક ખેડૂતોને નિરાશ થઈ ખાલી હાથે ઘરે પરત ફરવું પડી રહ્યું છે. ઝાલોદ નગરમાં અંદાજે 12 જેટલા ખાતર વેચાણના લાયસન્સ ધરાવતા વેપારીઓ હોવા છતાં માત્ર ત્રણથી ચાર વેપારીઓ પાસે જ ખાતરનો જથ્થો પહોંચતાં બાકીના કેન્દ્રો પર જાણે તાળા લટકતા હોય તેવી સ્થિતિ છે. પરિણામે હજારો ખેડૂતો થોડા કેન્દ્રો પર જ ઉમટી પડતાં ભારે અવ્યવસ્થા સર્જાઈ રહી છે. સવારે સૂર્યોદય પહેલાંથી ખેડૂતો લાઈનમાં નંબર લગાવી ઉભા રહે છે, પરંતુ સાંજ સુધી રાહ જોયા બાદ પણ ઘણા ખેડૂતોને ખાતર મળતું નથી. જરૂરિયાત કરતાં ખૂબ ઓછું ખાતર મળતાં ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો છે. ક્યાંક ધક્કામુક્કી, ક્યાંક પડાપડી તો ક્યાંક ઉગ્ર બોલાચાલીના દશ્યો સર્જાતા સમગ્ર વાતાવરણ તંગ બન્યું હતું. દૂર-દૂરના ગામડાંઓમાંથી ટ્રેક્ટર, બાઈક, છકડા અને ખાનગી વાહનોમાં ભાડું ખર્ચીને આવતા ખેડૂતોને જ્યારે ખાતર ન મળતાં ખાલી હાથે પાછા ફરવું પડે છે ત્યારે તેમને માત્ર સમય જ નહીં પરંતુ મુસાફરીનો ખર્ચ, રોજની મજૂરી અને ખેતીના અન્ય કામોનું પણ નુકસાન સહન કરવું પડે છે. એક તરફ ખાતર માટે ધક્કા અને બીજી તરફ વધારાનો આર્થિક બોજ–બંનેનો માર ખેડૂતો પર પડી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે વાવેતર અને પાકના વિકાસ માટે આ સમય સૌથી મહત્વપૂર્ણ છે.

સમયસર ખાતર ન મળવાથી પાકને સીધી અસર થવાની સાથે ઉત્પાદન ઘટવાની અને આવકમાં મોટું નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, એક દિવસ ખાતર માટે લાઈનમાં પસાર કરવો એટલે આખા દિવસનું ખેતીનું કામ અટકી જવું. ખેડૂતોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે જો તમામ લાયસન્સધારક વેપારીઓને સમાન પ્રમાણમાં ખાતરનો જથ્થો ફાળવવામાં આવે તો એક જ સ્થળે હજારો ખેડૂતોની ભીડ ન થાય અને હાલ જેવી અરાજક સ્થિતિ પણ ઊભી ન થાય. આ સમગ્ર સ્થિતિ વચ્ચે ઝાલોદ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ ખાતે ખાતર વિતરણની જવાબદારી સંભાળી રહેલા દિલીપભાઈ વસૈયાનું કાર્ય પ્રશંસાને પાત્ર બન્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, તા. 10-07-2026ના રોજ તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમ છતાં, તબિયતમાં સુધારો અનુભવાતા તેમણે તા. 11-07-2026ના રોજ ફરી ફરજ પર હાજર રહી ખેડૂતોને ખાતર વિતરણની કામગીરી સંભાળી હતી. ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે સ્વાસ્થ્યની પરવા કર્યા વિના ફરજ બજાવવાનો તેમનો આ પ્રયાસ અનેક લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

### લ્યો.અંબાજી પોલીસ અને એલસીબી પોલીસ ઊંઘતી રહી

# બનાસકાંઠા,રેન્જ પાલનપુર પોલીસે અંબાજી આવીને વિદેશી દારૂ ભરેલી ગાડીનો પીછો કરીને ગાડી પકડી

## ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિ.રૂ.9,35,861 તથા અન્ય મળી કુલ કિ.રૂ.24,35,861/- નો મુદ્દામાલ કબજે

**અંબાજી**

અંબાજી પો.સ્ટે. વિસ્તારમાંથી ફોર્ચુનર ગાડીનં.GJ-01-HU-7913 માંથી ભારતિય બનાવટનો વિદેશી દારૂ કિ. રૂ.૯,૩૫,૮૬૧ તથા અન્ય મળી કુલ કિ.રૂ.૨૪,૩૫,૮૬૧/- નો મુદ્દામાલ કબજે કરતી બનાસકાંઠા રેન્જ, પાલનપુર પોલીસ સુ.પરીક્ષિતા રાઠોડ (IPS) પોલીસ મહાનિરીક્ષક,બનાસકાંઠા રેન્જ-પાલનપુર નાઓએ બનાસકાંઠા રેન્જના જીલ્લાઓમાં પર પ્રાંતીય વિદેશી દારૂની હેરફેર કે વેચાણ કરનાર ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા કરેલ સુચના અંતર્ગત,એસ.જે.પરમાર, પોલીસ સબ ઈન્સપેક્ટર, બનાસકાંઠા રેન્જ નાઓના માર્ગદર્શન મુજબ બનાસકાંઠા રેન્જ કચેરીના પોલીસ સ્ટાફને મળેલ હકિકત આધારે કામાક્ષી ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવતાં હકિકત મુજબની ફોર્ચુનર ગાડી આવતાં તેને રોકાવાનો ઈશારો કરતાં તેના ડ્રાઈવરે ગાડી ભગાડી મુકી દાંતાથી યુ-ટર્ન મારી ફરી અંબાજી તરફ ભાગડતાં ખોડીવડલી સર્કલ ફોર્ચુનર ગાડીનુ ટાયર ફાટી જતાં ગાડી ડ્રાઈવર તથા તેની સાથેનો ઈસમ ગાડી મુકી અંધારાનો લાભ લઈ




નાસી ગયેલ અને સદરે ગાડીમાં જોતાં અલગ-અલગ બ્રાન્ડની બોટલ/બિયર-૩૦૨૮ કિ.રૂ.૯,૩૫,૮૬૧/- તથા ફોર્ચુનર ગાડી નં.GJ-01-HU-7913. કિ.રૂ.૧૫,૦૦,૦૦૦/મળી કુલ કિ.રૂ.૨૪,૩૫,૮૬૧/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તેમજ ફોર્ચુનર ગાડી સંબંધે ટેકનિકલી તપાસ કરતાં તેનો રજી.નંબર ખોટો હોવાનુ જણાઈ આવતાં નાસી જનાર ડ્રાઈવર તથા તેની બાજુમાં બેસેલ ઈસમ તથા તપાસમાં નીકળે તે તમામ ઈસમો વિરૂધ્ધ અંબાજી પો.સ્ટે. ખાતે પ્રોહિ.એક્ટ કલમ-૬૫એ,ઈ,૧૧૬(બી), ૯૮(૨),૮૩,૮૧ તથા BNS કલમ-૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨) મુજબની કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર કર્મચારીઓની વિગત : રાજેશભાઈ,એ.એસ.આઈ., બનાસકાંઠા રેન્જ નરેશભાઈ, એ. એસ.આઈ. બનાસકાંઠા રેન્જ. વિક્રમભાઈ, હેડ.કોન્સબનાસકાંઠા રેન્જ. ધરમપાલસિહ પો.કોન્સ., બનાસકાંઠા રેન્જ ઘનશ્યામસિહ, પો.કોન્સ., બનાસકાંઠા રેન્જ ઈશ્વરભાઈ, પો.કોન્સ., બનાસકાંઠા રેન્જ પારસકુમાર, પો.કોન્સ., બનાસકાંઠા રેન્જ.

# શહેરા તાલુકાના ભેસાલ-પાદરડી રોડ પર કોતરની તૂટેલી રેલિંગથી વાહનચાલકોમાં અકસ્માતનો ભય

**શહેરા, પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભેસાલથી મંગલિયાણા-પાદરડી ગામો તરફ જતા રોડ પર આવેલા કોતર પરના પુલની આગળની લોખંડની રેલિંગ તૂટી જતાં વાહનચાલકો અને રાહદારીઓમાં અકસ્માતનો ભારે ભય સતાવી રહ્યો છે. ચોમાસાની ઋતુને પગલે કોતરમાં પાણી વહી રહ્યું હોવાથી તંત્ર દ્વારા તાકીદે આ રેલિંગની મરામત કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ ઉઠી છે. મળતી માહિતી મુજબ, શહેરા તાલુકાના ભેસાલ ગામની પ્રાથમિક શાળાની આગળ આવેલા કોતર પર મિની પુલ બનાવવામાં આવ્યો છે. આ પુલ પર અકસ્માત રોકવા માટે આગળના ભાગે બંને સાઈડ લોખંડની સુરક્ષા રેલિંગ બનાવવામાં આવી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી એક બાજુની લોખંડની રેલિંગ તૂટીને નીચે પડી ગઈ છે.આ રસ્તો શહેરાથી ભેસાલ થઈને ગોપી મંગલિયાણા, પાદરડી અને આગળ



વાઘજીપુર જતા મુખ્ય માર્ગને જોડે છે. મુખ્ય માર્ગ હોવાને કારણે અહીંથી દિવસ-રાત વાહનોની સતત અવરજવર રહે છે. હાલમાં જંગલ વિસ્તારમાં વરસેલા વરસાદને કારણે કોતરમાં પાણીનો પ્રવાહ પણ ચાલુ છે. આવી સ્થિતિમાં રાત્રિના સમયે કે ભારે વરસાદમાં અહીં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા આ રેલિંગનું મરામત કામ સત્વરે હાથ ધરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# તંત્રની ઘોર બેદરકારી સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય માર્ગ સમાન ડભોઇ વેગા ચોકડી પર 10 દિવસથી સોલાર લાઈટો જમીનદોસ્ત!

**ડભોઇ**

ડભોઇ નર્મદા કિનારે આવેલી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતો મુખ્ય માર્ગ અને વડોદરા-બોડેલી-ડભોઈને સાંકળતી અત્યંત મહત્વની એવી વેગા ચોકડી હાલ અંધારપટ અને તંત્રની ઉદાસીનતાનો ભોગ બની છે. આ વ્યસ્ત સર્કલ પર લગાવવામાં આવેલી લાખોના ખર્ચે તૈયાર થયેલી કેટલીક હાઈટેક સોલાર લાઈટો છેલ્લા ૧૦ દિવસથી તૂટીને નીચે પડી ગઈ છે છતાં વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી. વાહનચાલકો ભારે મુશ્કેલીમાં અકસ્માતનો મોટો ભય વેગા ચોકડી એ માત્ર સ્થાનિક નહીં, પરંતુ પર્યટકો અને ભારે વાહનોથી



સતત ધમધમતી ચોકડી છે. રાત્રિના સમયે અહીંથી પસાર થતા હજારો વાહનચાલકોને સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે અને આ તૂટી પડેલા થાંભલાઓને લીધે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધારાના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે છેલ્લા ૧૦ દિવસ થી સોલાર લાઈટો જમીનદોસ્ત છે. રોજના સેંકડો વાહનો અને સ્ટેટ હાઈવેના ઉચ્ચ અધિકારીઓ પણ પોતાની સરકારી ગાડીઓ લઈને અહીંથી જ પસાર થાય છે છતાં આ કડવું સત્ય કેમ તેમની નજરે ચડતું નથી શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે સ્ટેટ હાઈવેના અધિકારીઓની રોજની અવરજવર હોવા છતાં આ સમસ્યા કેમ વણઉકેલાયેલી છે

સ્ટેચ્યુ ઓફ યુનિટીનો રૂટ આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રવાસન સ્થળને જોડતા મુખ્ય માર્ગની આવી અવદશા પ્રવાસીઓ સામે ગુજરાતની કેવી છબી રજૂ કરે છે જનતાના ટેક્સના પૈસાથી નખાયેલી સોલાર લાઈટો તૂટી ગઈ છે તેનું નુકસાન કોણ ભોગવશે હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું તંત્ર આ અહેવાલ બાદ જાગશે ખરું? જમીનદોસ્ત થયેલી આ સોલાર લાઈટો ક્યારે ફરીથી ઊભી કરવામાં આવે છે અને ક્યારે વાહનચાલકોને અંધારામાંથી મુક્તિ મળે છે.

# ખેડબ્રહ્મામાં લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે અકસ્માત : કારની ટક્કરે બાઇક ચાલકનું મોત

**ઈડર, જાકીર મેમણ**

લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે અકસ્માત, સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે 4 જુલાઈ, 2026ના રોજ થયેલા માર્ગ અકસ્માતમાં એક બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત થયું છે. કારની ટક્કરે ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકે 8 જુલાઈના રોજ જીવ ગુમાવ્યો હતો, જે અંગે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, 4 જુલાઈ, 2026ના રોજ રાત્રે આશરે 8:30 વાગ્યે, વિષ્ણુનાથ (મોટરસાયકલ નંબર GJ-09-CT-7168) અને ફરિયાદી ચાડા ગામેથી બે મરઘા લઈને ખેડબ્રહ્મા બજાર તરફ પરત ફરી રહ્યા હતા.લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરતી વખતે, બસ સ્ટેન્ડ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી સફેદ કલરની મારૂતિ અર્ટિગા કાર (નંબરGJ-07-DF-4994) ના ચાલકે મોટર સાયકલ ના આગળના ટાયરના ભાગે ટક્કર મારી હતી.




આ ટક્કરથી બાઈક ચાલક વિષ્ણુનાથ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પાછળ બેઠેલા ફરિયાદીને ડાબા પગે ઘૂંટણ નીચે ઈજા થઈ હતી. ઘટનાસ્થળે વિષ્ણુનાથના બનેવી પ્રકાશનાથ ઠાકોર મદારી પણ પહોંચી ગયા હતાઈજાગ્રસ્ત વિષ્ણુનાથને તાત્કાલિક રિક્ષા મારફતે ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

ત્યાંથી તેમને વધુ સારવાર માટે ઈડરની લાઈફલાઈન હોસ્પિટલ અને ત્યારબાદ હિંમતનગરની પ્લુટો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, માથામાં થયેલી ગંભીર ઈજાઓને કારણે 8 જુલાઈ, 2026ના રોજ તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

# પોરબંદર L.C.B.ને મોટી સફળતા : દોઢ વર્ષથી ફરાર આરોપીની વલસાડથી ધરપકડ

### PASA વોરંટ હેઠળ શોધાતા તેમજ આણંદ જિલ્લાના બે ગુનાઓમાં વોન્ટેડ ઉમેશ પટેલ વલસાડના કિલા પારડીથી ઝડપાયો

**ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર સ્થાનિક ગુના શાખા (એલ.સી.બી.)એ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી કુતિયાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં PASA વોરંટ હેઠળ છેલ્લા દોઢ વર્ષથીu ફરાર તેમજ આણંદ જિલ્લાના તારાપુર પોલીસ સ્ટેશનના બે અલગ-અલગ પ્રોહિબિશન ગુનાઓમાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને વલસાડ જિલ્લાના કીલા પારડી ખાતેથી ઝડપી પાડ્યો છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના અનુસાર પાસા હેઠળ અટક



કરવાના બાકી આરોપીઓ અને નાસતા ફરતા ગુનેગારોને ઝડપી પાડવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફે ખાનગી બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. કુતિયાણા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2024માં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં આરોપીઓ દ્વારા ટ્રક મારફતે અંદાજે રૂ.24.95 લાખનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો હેરફેર કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી ઉમેશ બાબુભાઈ પટેલ વિરુદ્ધ PASA હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી અને પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તેની સામે PASA વોરંટ જારી કરવામાં આવ્યું હતું. આરોપી ઉમેશ બાબુભાઈ પટેલ (ઉ.વ. 48), રહે. કીલા પારડી સ્ટેશન રોડ, ડી.સી.ઓ. સ્કૂલ પાછળ, તા. પારડી, જી. વલસાડ, છેલ્લા દોઢ વર્ષથી પોલીસ પકડથી દૂર હતો. એલ.સી.બી.ની ટીમે વલસાડના કીલા પારડી ખાતે તપાસ કરી તેને ઝડપી પાડી પોરબંદર એલ.સી.બી. કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી આણંદ જિલ્લાના તારાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે પ્રોહિબિશનના ગુનાઓમાં પણ છેલ્લા બે વર્ષથી વોન્ટેડ હતો. આ અંગે તારાપુર પોલીસને જાણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપી સામે અગાઉ વલસાડ જિલ્લાના પારડી, વાપી ટાઉન અને વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનો ઉપરાંત વડોદરા ગ્રામ્ય જિલ્લાના મંજુસર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન તેમજ બનાવટી દસ્તાવેજો સંબંધિત ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# દાંતા તાલુકાની મધ્યાહન ભોજન યોજનામાં મોટો ગોટાળો : સંચાલકો ગેરહાજર, પતિ કરે વહીવટ

**દાંતા**

દાંતા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં સરકારની મહત્વાકાંક્ષી 'મધ્યાહન ભોજન યોજના' કાગળ પર જ ચાલી રહી છે. વાસ્તવિકતામાં બાળકોના પેટ અને સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. સંચાલક તરીકે નિમણૂક મહિલાઓની અને વહીવટ પતિ-સગા સંબંધીઓ કરતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. નિયમ મુજબ સંચાલકે હાજર રહીને રસોઈ અને વિતરણ કરાવવાનું હોય છે, પરંતુ દાંતા તાલુકામાં 'જેસે ચલતા હૈ વેસે ચલને દો' ની નીતિ અપનાવાઈ છે. ગંભીર અનિયમિતતાઓ: 1.સંચાલકો ગેરહાજર: મોટાભાગની શાળાઓમાં નિયુક્ત મહિલા સંચાલક હાજર નથી. તેમના સ્થાને પતિ અથવા અન્ય વ્યક્તિ રસોઈ અને હાજરીપત્રક સંભાળે છે. 2. મેનુ મુજબ ભોજન નહીં: સરકાર દ્વારા નક્કી કરાયેલ મેનુ મુજબ બાળકોને ભોજન મળતું નથી નાસ્તો પણ અનેક શાળાઓમાં બંધ છે. 3. ગુણવત્તા શૂન્ય: રસોઈમાં વપરાતી દાળ, તેલ, શાકભાજીની ગુણવત્તા અત્યંત નબળી સુખડી સીંગતેલના બદલે તેલમાં બનાવવામાં આવે છે મુઠીયા બનાવવામાં આવે છે.

### પોરબંદર એલસીબીએ કુતિયાણા પ્રોહિબિશન કેસમાં કાર્યવાહી કરી

# 1 વર્ષથી ફરાર દારૂ તસ્કર તીલક પટેલ સુરત કોસંબાથી ઝડપાયો, 4 ગુનાઓમાં હતો વોન્ટેડ

**ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ એક વર્ષથી ફરાર ચાલી રહેલા અને ભારતીય બનાવટના વિદેશી દારૂના ચાર અલગ-અલગ ગુનાઓમાં વોન્ટેડ આરોપી તીલક હરીકૃષ્ણ પટેલ (ઉ.વ.૨૯), રહે. ભોલાવ, ભરૂચને સુરત જિલ્લાના કોસંબા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ કુતિયાણા, વડોદરા ગ્રામ્ય તથા ભરૂચ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયેલા છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા અને પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ ટીમે કામગીરી હાથ ધરી હતી. ખાનગી બાતમીના આધારે એલસીબીના



એએસઆઈ ઉદયભાઈ વરૂ, હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, લક્ષ્મણભાઈ ઓડેદરા અને જીતુભાઈ દાસાએ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગંભીર ગુનામાં આરોપી તીલક પટેલ લાંબા સમયથી ફરાર છે. આ કેસમાં અંદાજે રૂ. 36.36 લાખના મુદ્દામાલ સાથે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો, ટ્રક, મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. બાતમીના આધારે એલસીબીની ટીમ સુરત પહોંચી હતી અને કોસંબા વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડી વધુ પૂછપરછ માટે પોરબંદર લાવવામાં આવ્યો હતો. આરોપીને નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા કોર્ટ દ્વારા ત્રણ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી તીલક પટેલ કુતિયાણા પોલીસ સ્ટેશનના એક, વડોદરા ગ્રામ્ય જિલ્લાના બે તથા ભરૂચ જિલ્લાના એક એમ કુલ ચાર પ્રોહિબિશન ગુનાઓમાં પકડાવાનો બાકી હતો. વધુમાં આરોપી સામે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ દરમિયાન ભરૂચ, દહેજ, હાલોલ સહિતના વિસ્તારોમાં પ્રોહિબિશન, મારામારી, હત્યાના પ્રયાસ, બનાવટી દસ્તાવેજો સહિતના ૧૪ થી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

# અમીરગઢ બોર્ડર પર લક્ઝરી બસ આંતરી, અમદાવાદની 5 વર્ષની અપહૃત બાળકીને ઝારખંડ ભેગી કરે તે પહેલાં જ હેવાન મહિલાને દબોચી લીધી!

**બનાસકાંઠા**

બનાસકાંઠાની પાલનપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે 'ઓપરેશન મિલાપ' અંતર્ગત એક મોટી સફળતા મેળવીને માસૂમ બાળકીની જિંદગી બચાવી લીધી છે. અમદાવાદના શહેર કોટડા વિસ્તારમાંથી અપહરણ કરાયેલી ૫ વર્ષની બાળકીને બોર્ડર પાર કરાવી ઝારખંડ લઈ જવાની ફિરાકમાં રહેલી એક મહિલાને પોલીસે ફિલ્મી ઢબે અમીરગઢની કાળીમાટી ચેકપોસ્ટ પરથી ઝડપી પાડી છે. પોલીસે બાળકીને હેમખેમ મુક્ત કરાવીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, અમદાવાદના સરસપુર પતરાવાળી મસ્જિદ પાસે રહીને ભિક્ષાવૃત્તિ અને મધ વેચવાનું કામ કરતા મૂળ બિહારના સિકંદર નટ નામના પરિવારની મહિલાને તેની જ બહેનપણી સાહિબાખાતુન (મૂળ રહે. ઝારખંડ) સાથે કોઈ બાબતે મોટો ઝગડો થયો હતો.

આ ઝગડાની અદાવત રાખીને સાહિબાખાતુને ક્રૂરતા પૂર્વક તેની જ સહેલીની ૫ વર્ષની માસૂમ દીકરીનું અપહરણ કરી લીધું હતું. આ અંગે અમદાવાદના શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# લગ્નના નામે આતંક મચાવતી ત્રિપુટી ફરી સક્રિય! ભોળા ખેડૂતને ફસાવી 2.31 લાખ, ચાંદીની પાયલ અને મોબાઈલ લઈને દુલ્હન ફરાર

**ઝાલોદ, પંકજ પંડિત**

ઝાલોદમાં લગ્નની લાલચ આપી હિતેશ પંચાલ નામના યુવક સાથે બનાવટી લગ્ન કરાવી લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર ગેંગનો વધુ એક ચોંકાવનારો કિસ્સો હવે ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં સામે આવ્યો છે. અગાઉ ઝાલોદમાં જે કૃષ્ણકાંત પટેલ, બાબુલાલ પાટીદાર અને તરુણ સાવલેની ત્રિપુટી પર લગ્નના નામે છેતરપિંડીના આરોપો લાગ્યા હતા, એ જ ટોળકીએ હવે ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના વીરેન્દ્ર વજેસિંહ સોલંકીને નિશાન બનાવી રૂ.2.31 લાખની છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસ ફરિયાદ મુજબ રણીયાર ઈનામી ગામના ખેડૂત વીરેન્દ્ર સોલંકીને સમાજમાં લગ્ન માટે યુવતી ન મળતા પરિવાર અન્ય સમાજમાં પણ યુવતી શોધી રહ્યો હતો. ત્યારે ગામના કૃષ્ણકાંત પટેલે મધ્યપ્રદેશમાં યુવતી બતાવવાની લાલચ આપી સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ બાબુલાલ પાટીદાર અને તરુણ સાવલે દ્વારા મધ્યપ્રદેશના મોરાની ગામે લઈ જઈ 'નિર્મલા' નામની યુવતી સાથે મુલાકાત કરાવી હતી. યુવતી પસંદ આવતા લગ્નના નામે રૂ.2,31,000ની માંગણી કરવામાં આવી હતી. પરિવાર વિશ્વાસમાં આવી ગયો અને ફૂલહાર વિધિ કરાવી રોકડ રૂપિયા ચૂકવી યુવતીને ઘરે લાવ્યો હતો. લગ્નના થોડા દિવસ બાદ યુવતીએ ભાઈની સગાઈ હોવાનું કહી પિયર જવાની વાત કરી હતી. વીરેન્દ્ર તેને મધ્યપ્રદેશ મૂકી આવ્યા બાદ શરૂઆતમાં બે-ત્રણ દિવસમાં પરત આવવાની ખાતરી અપાઈ હતી. ત્યારબાદ પરિવારના મરણનું બહાનું બતાવી વધુ સમય માંગ્યો અને પછી મોબાઈલ ફોન સંપૂર્ણપણે બંધ કરી દીધો. પરિવારે તરુણ સાવલે અને કૃષ્ણકાંત પટેલનો સંપર્ક કરતાં તેઓ સતત ગોળગોળ જવાબો આપતા રહ્યા. એક મહિના સુધી યુવતી પરત ન ફરતાં આખરે પરિવારને પોતાની સાથે આયોજિત છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ માત્ર રોકડ રૂ.2.31 લાખ જ નહીં પરંતુ યુવતીને અપાયેલી અંદાજે રૂ.15 હજારની ચાંદીની પાયલ અને રૂ.11 હજારનો મોબાઈલ ફોન પણ સાથે લઈ વિશ્વાસઘાત કર્યો છે. તાજેતરમાં ઝાલોદ નગરના હિતેશ પંચાલ સાથે પણ લગ્નના નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો કેસ સામે આવ્યો હતો. તે કેસમાં પણ કૃષ્ણકાંત પટેલ, બાબુલાલ પાટીદાર અને તરુણ સાવલેના નામ સામે આવ્યા હતા. હવે ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં નોંધાયેલી ફરિયાદમાં પણ એ જ ત્રિપુટીના નામ સામે આવતા સમગ્ર કૌભાંડ સંગઠિત ગેંગ દ્વારા ચલાવવામાં આવતું હોવાની શંકા વધુ મજબૂત બની રહી છે.





### રાઘવની આવનારી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'ને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું

# 'ભાઈ તેરા સ્ટાર હૈ'થી બોલિવૂડમાં ડેબ્યુ કરશે અભિનેત્રી નિહારિકા એનએમ

મુંબઈ

પ્રખ્યાત ડાન્સર અને અભિનેતા એવા રાઘવ જુયાલ ફિલ્મી પડદે પણ ધૂમ મચાવી રહ્યા છે. રાઘવની આવનારી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'ને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ કોમેડી ડ્રામા ફિલ્મની દર્શકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં રાઘવ સામે નિહારિકા એનએમ મુખ્ય પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મ દ્વારા નિહારિકા બોલીવુડમાં પોતાના કદમ મુકવા જઈ રહી છે. તો જાણીએ આ નવો ચહેરો કોણ છે? કોણ છે નિહારિકા એનએમ? નિહારિકાનો જન્મ 4 જુલાઈ 1997માં બેંગ્લોરમાં થયો હતો. તેણે કેલિફોર્નિયા સ્થિત ચેપમેન યુનિવર્સિટીથી એમબીએનું શિક્ષણ લીધું છે. નિહારિકા એક પ્રખ્યાત ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર, સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર અને એક એક્ટ્રેસ પણ છે. તેણે ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર પોતાના ફની અને રિલેટેબલ કોમેડી વીડિયોના જોરે જબરદસ્ત નામના મેળવી છે. ખાસ વાત એ છે કે તે પ્રથમ ભારતીય ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર છે, જેણે નેટફ્લિક્સની ચર્ચિત એનિમેટેડ સિરીઝ 'બિગ માઉથ'માં મેગન થે સ્ટેલિયન અને જોર્ડન પીલ જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો સાથે ગેસ્ટ અપિયરંસ કર્યું હતું. નિહારિકા એનએમએ પોતાના કન્ટેન્ટ દ્વારા દેશ-વિદેશના કેટલાય મોટા દિગ્ગજો સાથે કામ કર્યું છે. તેના વીડિયોમાં ટોમ ક્રુઝ, પ્રિયંકા ચોપરા, આમિર ખાન, રણબીર કપૂર, વિજય દેવરાકોંડા, યશ અને મહેશ બાબુ જેવા કલાકારો જોવા મળ્યા છે. વર્ષ 2022માં તેને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'યુથ આઈકન- એન્ટરટેનર ઓફ ધ યર' એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી હતી. આ સિવાય તે ફોર્બ્સ એશિયાની '30 અંડર 30' (2022) અને ફોર્બ્સની '100 ડિજિટલ સ્ટાર્સ' (2023) ની યાદીમાં પોતાનું સ્થાન બનાવી ચુકી છે. નિહારિકાએ કરેલી ફિલ્મો પ્રખ્યાત ચેટ શૉ 'કોફી વિથ કરણ' ના સીઝન 7ના જુરી એપિસોડમાં પણ તે સામેલ થઈ ચુકી છે. તેણે વર્ષ 2025માં તમિલ ફિલ્મ 'પેરુસુ'થી પોતાના અભિનયની કારકિર્દીની શરૂઆત કરી હતી. આમ જોતા તેલુગુ સિનેમામાં તેણે કોમેડી ફિલ્મ 'મિત્ર મંડળી' દ્વારા ડેબ્યુ કર્યો હતો. હવે તે આગામી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હે'માં રાઘવ જુયાલ સાથે બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી કરશે. સોશિયલ મીડિયા પર નિહારિકા એનએમની જોરદાર ફેન ફોલોઈંગ પણ છે. ઈન્સ્ટાગ્રામ પર તેને 34 લાખથી વધુ લોકો ફોલો કરે છે. 'ભાઈ તેરા સ્ટાર હે' ફિલ્મની વાત કરીએ તો આ ફિલ્મ 30 જુલાઈએ મોટા પડદે દસ્તક દેશે. આ ફિલ્મ ઈસ્ટવુડ પિક્ચર્સના બેનર હેઠળ બની છે અને આ ફિલ્મને વિવેક બી અગ્રવાલ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. ફિલ્મની સ્ટોરી વિવેક બી અગ્રવાલ અને સુદીપતો સરકાર, બંનેએ મળીને લખી છે.

**આ ફિલ્મ ઇસ્ટવુડ પિક્ચર્સના બેનર હેઠળ બની છે અને આ ફિલ્મને વિવેક બી અગ્રવાલ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.**

# રશ્મિકાની મિસા ફિલ્મના એક્શન સીનની તસવીરો થઈ

### રશ્મિકાએ પોતાના કરિયરના 10 વર્ષમાં સફળતાનાં શિખરો સર કરી લીધા છે, પરંતુ હજી પણ રશ્મિકાની અંદરનો કલાકાર સંપૂર્ણપણે સંતુષ્ટ થયો નથી.

મુંબઈ

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના હવે તેની આગામી ફિલ્મ 'મિસા'માં રોમેન્ટિક અંદાજ છોડીને જબરદસ્ત એક્શન અવતારમાં નજર આવશે. રશ્મિકા મંદાના તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સાથે સાથે બોલીવુડમાં પણ છવાઈ ચુકી છે. રશ્મિકાએ પોતાના ચાર્મ અને અભિનયના જાદુથી ફિલ્મજગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. રશ્મિકાએ પોતાના કરિયરના 10 વર્ષમાં સફળતાનાં શિખરો સર કરી લીધા છે, પરંતુ હજી પણ રશ્મિકાની અંદરનો કલાકાર સંપૂર્ણપણે સંતુષ્ટ થયો નથી. આ વાત તેની આગામી ફિલ્મ 'મિસા'ના શૂટિંગ સીન્સની તસવીરો જોયા બાદ કહી શકાય છે. પોતાની કરિયરમાં એક રોમેન્ટિક ગર્લના પાત્ર ભજવતી રશ્મિકા અત્યાર સુધી અડધા ડઝનથી વધારે સુપરહિટ ફિલ્મો આપી ચુકી છે. જેમાં 'પુષ્પા' અને 'પુષ્પા 2' જેવી ફિલ્મો પણ સામેલ છે. જેની કમાણીએ પણ એક રેકોર્ડ સર્જ્યો છે. હવે રોમાન્સથી હટકે જઈને રશ્મિકા એક્શન મોડમાં છે અને પોતાની આવનારી ફિલ્મ 'મિસા'ના એક્શન સીન્સ ફિલ્માવી રહી છે. જેની અમુક તસવીરો સોશ્યિલ મીડિયામાં જોવા મળી હતી. રશ્મિકા અંડર વૉટર ફાઈટવાળા સીન શૂટ કરી રહી છે. તેની પીઠ પાછળ ઊંડા ચાકુના નિશાન જોવા મળી રહ્યા છે, જે સીનના શૂટ પહેલા બનાવવામાં આવ્યા છે, જે 17 જુલાઈના રિલીઝ થશે. ધમાકેદાર એકશનમાં જોવા મળશે ડિરેક્ટર રવિન્દ્ર ફુલેની આ ફિલ્મ શાનદાર એકશનની વાત કરી રહી છે અને થોડા દિવસ અગાઉ રિલીઝ થયેલા ટીઝરમાં પણ તેની ઝલક જોવા મળી હતી. રશ્મિકા ફિલ્મમાં એક દમદાર રોલમાં એકશન કરતી જોવા મળશે. ટીઝર જોયા બાદ ચાહકો પણ ઉત્સાહિત જોવા મળ્યા હતા. રશ્મિકા સાથે આ ફિલ્મમાં અન્ય એક્ટરોમાં રમેશ રાવ, ઈશ્વરી રાવ, પ્રવીણ દચરમ અને શત્રુ જોવા મળશે. ચાહકોને એવી આશા છે કે રશ્મિકા આ એકશનના પાત્રમાં કમાલ કરશે. રોમેન્ટિક પાત્રોમાં ભર્યા રંગ રશ્મિકા ફિલ્મી દુનિયામાં સૌથી ઓછા સમયમાં સૌથી વધારે સફળ થનાર જૂજ અભિનેત્રીઓમાંથી એક છે.



# શાહરુખ ખાને હવે દિલ્હીમાં નવુ ઘર ખરીધું: પત્નીએ પોતે ડિઝાઇન કર્યું

### બોલિવૂડ એક્ટર શાહરુખ ખાન સાઉથ દિલ્હીના પોશ વિસ્તાર પંચશીલ પાર્કમાં આવેલી તે આખી બિલ્ડિંગનો એકમાત્ર માલિક બની ગયો છે

મુંબઈ

બોલિવૂડ એક્ટર શાહરુખ ખાન સાઉથ દિલ્હીના પોશ વિસ્તાર પંચશીલ પાર્કમાં આવેલી તે આખી બિલ્ડિંગનો એકમાત્ર માલિક બની ગયો છે, જ્યાં તેણે લગ્ન પછી પોતાના જીવનની શરૂઆત કરી હતી. એક્ટર પાસે આ રહેણાંક પ્રોપર્ટીનું બેઝમેન્ટ અને પહેલો માળ પહેલેથી જ હતો.

હવે તેણે તેના બીજા અને ત્રીજા માળને પણ ખરીદી લીધા છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, શાહરુખે આ વધારાના માળ માટે લગભગ 37 કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આ ઘર શાહરુખ અને ગૌરી ખાન માટે ખૂબ જ ખાસ છે, કારણ કે 1991માં લગ્ન પછી મુંબઈ શિફ્ટ થતા પહેલા તે આ જ ઘરમાં રહેતા હતા. આ પ્રોપર્ટી સાઉથ દિલ્હીના સૌથી મોંઘા રહેણાંક વિસ્તારોમાંના એક પંચશીલ પાર્કમાં આવેલી છે. આ આખો પ્લોટ લગભગ 1,200 સ્ક્વેર યાર્ડ (લગભગ 10,800 સ્ક્વેર ફીટ) માં ફેલાયેલો છે.

રિપોર્ટ અનુસાર, આ નવા સોદાની કિંમત લગભગ 37 કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે, જેમાં જમીનની કિંમત લગભગ 34,260 રૂપિયા પ્રતિ સ્ક્વેર ફીટ આંકવામાં આવી છે. આ નવા અધિગ્રહણ પછી હવે આખી બિલ્ડિંગની માલિકી સત્તાવાર રીતે શાહરુખ ખાન પાસે આવી ગઈ છે. શાહરુખ ખાન અને ગૌરી ખાનના લગ્ન 25 ઓક્ટોબર 1991ના રોજ થયા હતા. તેમના લગ્ન ત્રણ અલગ-અલગ રીતિ-રિવાજોથી થયા હતા, જેમાં કોર્ટ મેરેજ, પરંપરાગત હિંદુ લગ્ન અને નિકાહનો સમાવેશ થતો હતો. લગ્ન પછી તરત જ આ કપલ આ જ ઘરમાં રહેવા લાગ્યું હતું. તેના થોડા સમય પછી શાહરુખ ફિલ્મોમાં ફુલ-ટાઈમ કરિયર બનાવવા માટે મુંબઈ શિફ્ટ થઈ ગયા હતા. આ જ કારણ છે કે આ ઘર સાથે બંનેનો ઊંડો ભાવનાત્મક સંબંધ છે. ગૌરી ખાને એક જૂના ઈન્ટરવ્યુમાં આ ઘરના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ દિલ્હીથી છે અને તેમણે પોતાના જીવનનો મોટો ભાગ અહીં વિતાવ્યો છે. તેથી તેઓ પોતાની માતાના ઘરની નજીક એક એવું ઘર ખરીદવા અને ડિઝાઈન કરવા માંગતા હતા, જ્યાં પરિવારની બધી યાદો એક છત નીચે રહી શકે. ગૌરીના મતે, આ ઘરનો દરેક ખૂણો તેમને બાળકોના મોટા થવાના અલગ-અલગ તબક્કાઓની યાદ અપાવે છે.





# પ્રેગનન્સીના છેલ્લા તબક્કામાં દીપિકા, થોડા અઠવાડિયામાં ફરી કિલકારી ગુંજશે

### દીપિકાએ ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી એક મીમ શેર કર્યું છે, જેમાં એક મહિલા બાથરૂમ જવા માટે સંઘર્ષ કરતી જોવા મળી રહી છે

મુંબઈ

દીપિકા પાદુકોણ આ દિવસોમાં પ્રેગ્નન્સીના કારણે ચર્ચામાં છે. એક્ટ્રેસે એપ્રિલમાં બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી, ત્યારબાદ હવે એક્ટ્રેસ થર્ડ ટ્રાઈમેસ્ટરમાં પહોંચી ગઈ છે. હવે દીપિકાએ એક મીમ શેર કરીને થર્ડ ટ્રાઈમેસ્ટરની સ્થિતિ જણાવી છે.

દીપિકાએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી એક મીમ શેર કર્યું છે, જેમાં એક મહિલા બાથરૂમ જવા માટે સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. આ વીડિયો સાથે લખેલું છે કે, જ્યારે તમે થર્ડ ટ્રાઈમેસ્ટરમાં રાત્રે બાથરૂમનો ઉપયોગ કરવા ઉઠો છો. સ્ટોરી સાથે દીપિકાએ થર્ડ ટ્રાઈમેસ્ટરમાં હોવાની પુષ્ટિ કરી દીધી છે, એટલે કે એક્ટ્રેસ પ્રેગ્નન્સીનો 7મો મહિનો પાર કરી ચૂકી છે અને થોડા જ અઠવાડિયામાં તેમની ડિલિવરી થઈ શકે છે. ત્રીજું ટ્રાઈમેસ્ટર, પ્રેગ્નન્સીનો છેલ્લો તબક્કો હોય છે. તે 28મા અઠવાડિયા (7મા મહિનાની શરૂઆત) થી શરૂ થઈને ડિલિવરી (સામાન્ય રીતે 37-40 અઠવાડિયા) સુધી ચાલે છે. આ સમયે બાળકના વિકાસની ગતિ સૌથી ઝડપી હોય છે અને માતાનું શરીર પ્રસુતિ (લેબર) માટે તૈયારી કરવા લાગે છે. બાળકનું વજન લગભગ 1-1.5 કિલોગ્રામ સુધી પહોંચી શકે છે. આંખો ખુલવા-બંધ થવા લાગે છે. સાંભળવાની ક્ષમતા ઘણી વિકસિત થઈ જાય છે. હાથ-પગની હલચલ ઝડપી અનુભવાય છે. પેટનું કદ ઘણું વધી જાય છે. શ્વાસ ફૂલવો, કારણ કે ગર્ભાશય ડાયાફ્રામ પર દબાણ લાવે છે. વારંવાર પેશાબ આવવો. કમર, નિતંબ અને પગમાં દુખાવો. પગ અને ઘૂંટીઓમાં સોજો. છાતીમાં બળતરા (એસિડિટી). રાત્રે ઊંઘ આવવામાં મુશ્કેલી. બાળકની કિક અને હલનચલન વધુ સ્પષ્ટ રીતે અનુભવાવું. એપ્રિલમાં બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી 19 એપ્રિલે દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે કોલેબોરેશન પોસ્ટ દ્વારા બીજી વાર પેરેન્ટ્સ બનવાના ગુડ ન્યૂઝ આપ્યા હતા. કપલે દીકરી દુઆની પોઝિટિવ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડેલી એક તસવીર શેર કરીને આ મોટી જાહેરાત કરી. આ પોસ્ટ સાથે ઈવિલ આઈનું કેપ્શન રાખવામાં આવ્યું હતું.

# ઓસ્ટ્રેલિયામાં હનીમૂન મનાવશે આમિર-ગૌરી: દીકરા આઝાદ-ક્વિન પણ સાથે જશે

મુંબઈ

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાને 5 જુલાઈએ ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરી લીધા છે. લગ્ન પછી હવે કપલ હનીમૂન માટે ઓસ્ટ્રેલિયા રવાના થશે. આ એક વર્ક ટ્રિપ પણ હશે, જેમાં આમિરનો દીકરો આઝાદ અને ગૌરીનો દીકરો ક્વિન પણ સાથે રહેશે. ડેક્કન ક્રોનિકલના રિપોર્ટ અનુસાર, આમિર ખાન અને ગૌરી સ્પ્રેટ પોતપોતાના દીકરાઓ સાથે ઓસ્ટ્રેલિયા રવાના થઈ રહ્યા છે. ક્વિન અને આઝાદ પણ ટ્રિપનો ભાગ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આમિર આ ટ્રિપને પોતાના કામની સાથે-સાથે લગ્ન પછીના હનીમૂન તરીકે પણ પ્લાન કરી રહ્યો છે. આ દરમિયાન બંને પરિવારોના બાળકોને એકબીજા સાથે સમય વિતાવવાનો મોકો મળશે અને આમિર પણ ક્વિન સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી શકશે. મેલબોર્નની આ યાત્રા આમિર અને ગૌરીના ખાનગી રજિસ્ટર્ડ લગ્નના એક સપ્તાહથી પણ ઓછા સમય પછી થઈ રહી છે. બંનેએ 5 જુલાઈએ બાંદ્રા સ્થિત આમિરના ઘરે અત્યંત સાદગીથી લગ્ન કર્યા હતા. આ ખાનગી સમારોહમાં ફક્ત નજીકના મિત્રો, પરિવારના સભ્યો અને તેના બાળકો જ સામેલ થયા હતા. ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્નમાં આમિર ખાન સામેલ થશે ઓસ્ટ્રેલિયામાં હનીમૂન પછી આમિર ખાન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન 2026માં ભાગ લેશે. તેમને ફિલ્મ 'સિતારે જમીન પર'માં તેના અભિનય માટે બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. રણવીર સિંહ-અહાન પાંડે પણ મેલબોર્ન ફિલ્મ ફેસ્ટિવલમાં સામેલ થઈ શકે છે ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ને તાજેતરમાં તેની નોમિનેશન લિસ્ટ જાહેર કરી છે, જેમાં આમિર સાથે અહાન પાંડે, ભૂમન ભાર્ગવ દાસ, દુલકર સલમાન, મમ્મૂટી, રણવીર સિંહ, રિષભ શેટ્ટી અને સંજય મિશ્રા પણ બેસ્ટ પરફોર્મન્સ (મેલ) કેટેગરી માટે નોમિનેટ થયા છે. 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે કર્યા લગ્ન 61 વર્ષીય આમિર ખાને 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે રજિસ્ટર્ડ મેરેજ કર્યા છે. લગ્નમાં અમુક નજીકના મહેમાનો હાજર રહ્યા હતા. લગ્નના પેપર્સ સાઈન કર્યા પછી કપલે વચનો લીધા છે. આ દરમિયાન આમિરે ગૌરીને એક કિંમતી વીંટી આપી છે. આ વીંટી લક્ઝરી બ્રાન્ડ ક્વીને તૈયાર કરી છે, જેને પસંદ કરવામાં આમિરને 3 મહિના લાગ્યા હતા. વીંટીમાં મેડાગાસ્કરથી લાવવામાં આવેલો દુર્લભ કેબોકોન કટ નેચરલ રૂબી સ્ટોન છે. જ્યારે તેને ગોલ્ડમાં બનાવવામાં આવી છે, જેમાં 40 અસલી હીરા જડેલા છે. આમિર ખાન ટૂંક સમયમાં નવા ઘરમાં શિફ્ટ થશે આમિર ખાનના મરીના સ્થિત એપાર્ટમેન્ટમાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે તે પાલી સ્થિત ઘરમાં રહી રહ્યા છે. હવે કન્સ્ટ્રક્શન લગભગ પૂરું થવા જઈ રહ્યું છે. આમિરે તે બિલ્ડિંગમાં 3 એપાર્ટમેન્ટ લીધા છે, જેમાં તે પત્ની ગૌરી અને પુત્રો આઝાદ-ક્વિન સાથે રહેશે.



પાક્કો ગુજરાત
રવિવાર | 12 જુલાઈ 2026 | અમદાવાદ

### સ્પેનની ટીમ વર્લ્ડ કપના ઇતિહાસમાં ત્રીજી વખત સેમિફાઇનલમાં પહોંચી

# સ્પેન ફૂટબોલ વર્લ્ડકપની સેમિફાઇનલમાં: બેલ્જિયમને ભૂલ ભારે પડી



લોસ એન્જલસ

2010ની ચેમ્પિયન સ્પેન ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. તેણે શુક્રવારે રાત્રે બીજી ક્વાર્ટર ફાઈનલમાં બેલ્જિયમને 2-1થી હરાવ્યું. હવે તેનો મુકાબલો ફ્રાન્સ સામે થશે. આ મેચ 14 જુલાઈની રાત્રે 12:30 વાગ્યે રમાશે.

લોસ એન્જલસ સ્ટેડિયમમાં સ્પેન અને બેલ્જિયમનો મુકાબલો 87 મિનિટ સુધી 1-1થી બરાબરી પર હતો. 88મી મિનિટે સબસ્ટિટ્યુટ ખેલાડી મિકેલ મેરિનોએ વિજયી ગોલ કર્યો. સ્પેનના પાઉ ક્યુબાર્સીની કિક બેલ્જિયમના રિઝર્વ ગોલકીપર સેને લામન્સના હાથમાંથી છૂટી ગઈ. મેરિનોએ રિબાઉન્ડ પર ગોલ કર્યો.

સ્પેનની ટીમ વર્લ્ડ કપના ઈતિહાસમાં ત્રીજી વખત સેમિફાઈનલમાં પહોંચી છે. તેણે છેલ્લી વખત 2010માં આ રાઉન્ડમાં સ્થાન બનાવ્યું હતું. તે એડિશનમાં સ્પેને નેધરલેન્ડને 1-0થી હરાવીને પ્રથમ ખિતાબ જીત્યો હતો. આજ રાત 2:30 વાગ્યાથી નોર્વે-ઈંગ્લેન્ડ અને આવતીકાલે સવારે 6:30 વાગ્યાથી આર્જેન્ટિના-સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે ક્વાર્ટર ફાઈનલ મેચ રમાશે. આ મેચોથી બીજી સેમિફાઈનલની ટીમો નક્કી થશે. ચાર્લ્સ ડી કેટેલેરેએ સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોનના સતત 650 મિનિટ સુધી ગોલ ન ખાવાનો સિલસિલો તોડી નાખ્યો. સિમોને સૌથી વધુ સમય સુધી ગોલ ન ખાવાનો રેકોર્ડ બનાવ્યો. તેમણે ઈટાલીના દિગ્ગજ ગોલકીપર વોલ્ટર ઝેંગાનો 517 મિનિટનો રેકોર્ડ તોડ્યો હતો. સ્પેન સતત 36 આંતરરાષ્ટ્રીય મેચથી અજેય છે. ટીમને છેલ્લી હાર 2023માં કોલંબિયા સામે મળી હતી. તેણે 2019-22 વચ્ચે આર્જેન્ટિનાના સતત 36 મેચ અજેય રહેવાના રેકોર્ડની બરાબરી કરી છે. તે ઈટાલીના સતત 37 જીતના રેકોર્ડથી એક જીત પાછળ છે.

મેરિનોએ સતત બીજી મેચમાં નિર્ણાયક ગોલ કર્યો

મિકેલ મેરિનો સતત બીજી નોકઆઉટ મેચમાં સ્પેનના મેચ વિનર સાબિત થયા. તેમણે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પોર્ટુગલ સામે ઈજાના સમયમાં વિજયી ગોલ કર્યો હતો.

બેલ્જિયમ સામે 86મી મિનિટે મેદાન પર ઉતર્યાના બે મિનિટ પછી જ તેમણે નિર્ણાયક ગોલ કર્યો. તેઓ ટીમના સૌથી ભરોસાપાત્ર ઈમ્પેક્ટ ખેલાડી સાબિત થયા છે.

જાન્યુઆરી 2026માં માન્ચેસ્ટર યુનાઈટેડ સામેની મેચ દરમિયાન મેરિનોના જમણા પગમાં સ્ટ્રેસ ફ્રેક્ચર થયું હતું. ઈજા ગંભીર હતી અને તેમને સર્જરી કરાવવી પડી. લગભગ ચાર મહિનાના રિહેબિલિટેશન પછી તેમણે વર્લ્ડ કપ ટીમમાં વાપસી કરી. સ્પેને 30મી મિનિટે ફાબિયન રુઈઝના ગોલથી લીડ મેળવી. બેલ્જિયમે 11 મિનિટ બાદ જ ચાર્લ્સ ડી કેટેલેરેના ગોલથી બરાબરી કરી લીધી. આ વર્લ્ડ કપમાં સ્પેન સામેનો આ પહેલો ગોલ હતો.

## ડિસેમ્બરમાં રમાશે ભારત 'એ' અને નેપાળ વચ્ચે T20 સીરીઝ

નવી દિલ્હી


ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષે ડિસેમ્બરમાં નેપાળનો પ્રવાસ કરશે. ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળ (CAN) દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવવામાં આવ્યું છે કે, 'ઈન્ડિયા એ' ટીમ આ વર્ષે ડિસેમ્બરમાં 3 મેચોની T20 સીરીઝ માટે નેપાળના પ્રવાસે આવશે. CAN દ્વારા આ આગામી સીરીઝનું સંપૂર્ણ શેડ્યૂલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે, જે 9 ડિસેમ્બરથી 13 ડિસેમ્બર દરમિયાન રમાશે. હાઈપ્રોફાઈલ બેઠકમાં લેવાયો મોટો નિર્ણય ક્રિકેટ એસોસિએશન ઓફ નેપાળ (CAN) ના પ્રેસિડેન્ટ ચતુર બહાદુર ચંદ, સચિવ પારસ ખડકા અને BCCI ના સચિવ દેવજીત સૈકિયા વચ્ચે યોજાયેલી એક મહત્વની બેઠક બાદ આ દ્વિપક્ષીય સીરીઝ પર આખરી મહોર મારવામાં આવી છે. બંને ટીમો વચ્ચે કુલ ત્રણ T20 મેચ રમાશે. આ તમામ મેચોનું આયોજન કીર્તિપુર સ્થિત ત્રિભુવન યુનિવર્સિટીના ટીયુ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર કરવામાં આવશે. નેપાળની ટીમ માટે આ સીરીઝ એક બહુ મોટી અને સુવર્ણ તક સાબિત થશે. તેનું મુખ્ય કારણ એ છે કે આ પ્રવાસે જનારી 'ઈન્ડિયા એ' ટીમમાં IPL ના મોટા સ્ટાર્સ અને ભારતની સીનિયર ક્રિકેટ ટીમનો હિસ્સો રહી ચૂકેલા કેટલાક દિગ્ગજ ખેલાડીઓ પણ સામેલ થશે. નેપાળની ક્રિકેટ ટીમે છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કરીને બતાવ્યું છે.

નેપાળની ટીમનું દમદાર પ્રદર્શન

નેપાળની ટીમ છેલ્લા બંને T20 વર્લ્ડ કપમાં ક્વોલિફાય કરીને આવી હતી. 2024 ના વર્લ્ડ કપમાં નેપાળની ટીમ એક પણ મેચ જીતી શકી ન હતી, પરંતુ 2026 ના વર્લ્ડ કપમાં તેમણે પોતાના પ્રદર્શનમાં જબરદસ્ત સુધારો કર્યો હતો અને સ્કોટલેન્ડને કારમી હાર આપી હતી. એટલું જ નહીં, આ વર્લ્ડ કપમાં નેપાળની ટીમે ઈંગ્લેન્ડને પણ લગભગ હરાવી જ દીધું હતું, પરંતુ અંતમાં તેને માત્ર 4 રનથી નજીવી હારનો સામનો કરવો પડ્યો હતો.

### 15 વર્ષ નાના સિનરે સીધા સેટમાં હરાવ્યો

## જોકોવિચ વિમ્બલ્ડન સેમિફાઇનલ હાર્યો, 25મો ગ્રાન્ડસ્લેમ જીતવાનું સપનું તૂટ્યું



લંડન

39 વર્ષના દિગ્ગજ ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચનું 25મું ગ્રાન્ડ સ્લેમ જીતવાનું સપનું ફરી એકવાર તૂટી ગયું છે. તેઓ વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં પોતાનાથી 15 વર્ષ નાના 24 વર્ષના જૈનિક સિનર સામે સીધા સેટમાં હારી ગયા. સર્બિયાના જોકોવિચે છેલ્લો ગ્રાન્ડ સ્લેમ 3 વર્ષ પહેલા 2023માં જીત્યો હતો. ત્યારે તે યુએસ ઓપનમાં ચેમ્પિયન બન્યો હતો. લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં શુક્રવારે ઈટાલીના સિનરે જોકોવિચને 6-4, 6-4, 6-4 થી હરાવ્યો. તે સતત બીજા વર્ષે ફાઈનલમાં પહોંચ્યો છે. વર્લ્ડ નંબર-1 સિનરે ગયા વર્ષે સ્પેનના કાર્લોસ અલ્કારાઝને હરાવ્યો હતો. આ વખતે સિનરનો મુકાબલો રવિવારે જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે થશે. સિનરે સેમિફાઈનલ મુકાબલામાં આક્રમક રમત બતાવી. તેણે જોકોવિચને સતત ત્રણ સેટમાં 2 કલાક 20 મિનિટ ચાલેલી મેચમાં હરાવ્યો. આ જીત સાથે સિનરે આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનના સેમિફાઈનલમાં મળેલી 5 સેટની હારનો પણ બદલો લીધો. જોકોવિચ અત્યાર સુધીમાં 24 ગ્રાન્ડ સ્લેમ જીતી ચૂક્યા છે. તેઓ 25મા ટાઈટલની શોધમાં ઉતર્યા હતા, પરંતુ તેમને સફળતા મળી ન હતી. તેમને વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં સ્પેનના કાર્લોસ અલ્કારાઝે હરાવ્યા હતા. ફ્રેન્ચ ઓપનમાં તે ત્રીજા રાઉન્ડમાંથી બહાર થઈ ગયો હતો. જેન્ટલમેન સિંગલ્સ કેટેગરીની પ્રથમ સેમિફાઈનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે બ્રિટનના વાઈલ્ડ કાર્ડ ખેલાડી આર્થર ફેરીને 7-6, 6-2, 6-4 થી હરાવ્યા. ઝ્વેરેવ પ્રથમ વખત વિમ્બલ્ડનની ફાઈનલમાં પહોંચ્યો છે.

29 વર્ષના ઝ્વેરેવ 1995 પછી વિમ્બલ્ડન ફાઈનલમાં પહોંચનારા પ્રથમ જર્મન ખેલાડી બન્યો છે.

## ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમની મુશ્કેલી વધી ! ECBએ બનાવ્યા કડક નિયમ

### જાહેર સ્થળોએ દારૂબંધી અને સોશિયલ મીડિયા પર દારૂ સંબંધિત પોસ્ટ પર પ્રતિબંધ રહેશે

મુંબઈ

બેન સ્ટોક્સના સંન્યાસ બાદ ECBએ ઈંગ્લેન્ડ ક્રિકેટમાં શિસ્તને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે ખેલાડીઓની દારૂની પાર્ટી, મોડીરાત સુધી બહાર રહેવું અને ઓફ-ફિલ્ડ વર્તન પર કડક નિયમો લાગુ થશે. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમમાં હવે ખેલાડીઓની દારૂની પાર્ટીઓ પર કડકાઈ રાખવામાં આવશે. પૂર્વ ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સના સંન્યાસ અને તાજેતરના વિવાદો બાદ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ ખેલાડીઓ માટે નવા નિયમો લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓની ફિટનેસ, રિકવરી અને ટીમ કલ્ચરને સુદ્રઢ બનાવવાનો છે, જેથી ભવિષ્યમાં ઈંગ્લિશ ક્રિકેટ કોઈ પણ પ્રકારના ઓફ-ફિલ્ડ વિવાદોથી બચી શકે. આગામી સમયમાં ઈંગ્લેન્ડના તમામ સેન્ટ્રલ કોન્ટ્રેક્ટ ધરાવતા ખેલાડીઓ માટે આ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

ક્યા ક્યા નવા નિયમો?

ઈંગ્લેન્ડની દરેક હોમ સિરીઝ અને વિદેશી પ્રવાસો દરમિયાન અડધી રાત (12:00 વાગ્યા)નો કરફ્યુ લાગુ રહેશે.

કોઈ પણ ખેલાડી જાહેર સ્થળે દારૂના નશાની હાલતમાં જોવા મળવો જોઈએ નહીં.

સોશિયલ મીડિયા પર દારૂ સાથે જોડાયેલ કોઈ પણ કન્ટેન્ટ પોસ્ટ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

જો કોઈ ખેલાડી રાત્રે 10:00 વાગ્યા પછી ટીમ હોટેલની બહાર રહે છે, તો તેણે તેની માહિતી ટીમ મેનેજમેન્ટ અથવા સુરક્ષા અધિકારીઓને આપવી પડશે.

મેચ શરૂ થવાના એક દિવસ પહેલાથી લઈને મેચ પૂરી થવાના આગલા દિવસ સુધી ખેલાડીઓને દારૂ ન પીવાની સલાહ આપવામાં આવી છે.

ટીમ મેનેજમેન્ટની પરવાનગી વિના જાહેર સ્થળોએ, જેમ કે ટીમ હોટેલના પબ્લિક એરિયામાં પણ દારૂ પીવા પર પ્રતિબંધ રહેશે.


આ સમયગાળા દરમિયાન ખેલાડીઓને અંગત રીતે (પ્રાઈવેટલી) પણ દારૂ પીવાની મનાઈ રહેશે, કારણ કે પ્રાથમિકતા સંપૂર્ણપણે રિકવરી અને મેચ ફિટનેસને આપવામાં આવશે. આ નિર્ણય એ વિવાદ બાદ લેવામાં આવ્યો છે, જ્યારે બેન સ્ટોક્સ અને ફાસ્ટ બોલર ગસ એટકિન્સન મોડી રાત્રે એક નાઈટ ક્લબમાં બનેલી ઘટનાને કારણે તપાસના દાયરામાં આવ્યા હતા. ત્યારબાદ ECBએ ખેલાડીઓના વર્તનને લઈને પોતાની નીતિ વધુ કડક બનાવવાનું નક્કી કર્યું. ECBના મેનેજિંગ ડિરેક્ટર રોબ કીનું માનવું છે કે, ઈંગ્લેન્ડ ટીમની પ્રોફેશનલ છબી જાળવી રાખવા અને ભવિષ્યમાં આવા વિવાદોથી બચવા માટે ઓફ-ફિલ્ડ શિસ્તને પહેલા કરતાં વધુ મજબૂત બનાવવી જરૂરી છે.





### ખરાબ અને એક્સપાયર્ડ ખોરાક ડિલિવરી કરવાની ફરિયાદો

# સ્વિગી ઇન્સ્ટામાર્ટને FSSAIની 9 નોટિસ




મુંબઈ

ફૂડ રેગ્યુલેટર FSSAIએ ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ સ્વિગી ઈન્સ્ટામાર્ટને કુલ 9 નોટિસ જારી કરી છે. આ કાર્યવાહી ગ્રાહકો તરફથી મળેલી ફરિયાદો બાદ કરવામાં આવી છે, જેમાં પ્લેટફોર્મ દ્વારા સડેલું, દૂષિત અને એક્સપાયર્ડ ભોજન સપ્લાય કરવાના આરોપો લગાવવામાં આવ્યા છે.

રેગ્યુલેટરે સ્વિગી ઈન્સ્ટામાર્ટ પાસેથી આ સમગ્ર મામલે સ્પષ્ટતા અને કમ્પ્લાયન્સ રિપોર્ટ માંગી છે. જો કંપની નિર્ધારિત સમયમાં યોગ્ય જવાબ નહીં આપે, તો તેની સામે યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. બાળકનો ખરાબ ખોરાક પાછો લઈને ફરીથી મોકલ્યો FSSAIએ ગ્રાહકો પાસેથી મળેલી ફરિયાદોની વિગતો શેર કરતા જણાવ્યું કે એક અત્યંત ગંભીર કિસ્સામાં બાળકોના ખાવાનો પ્રોડક્ટ ખૂબ જ ખરાબ અને અસુરક્ષિત હાલતમાં ડિલિવર કરવામાં આવ્યો હતો. આ પ્રોડક્ટમાં ખરાબી હતી અને તેને ખોટી રીતે સ્ટોર કરવાની વાત સામે આવી હતી. એટલું જ નહીં, ગ્રાહક દ્વારા તેને પાછો કર્યા પછી પણ કથિત રીતે આ જ ખરાબ પ્રોડક્ટને ફરીથી સપ્લાય કરી દેવામાં આવ્યો. આ ઉપરાંત, ગ્રાહકોએ સ્વિગી ઈન્સ્ટામાર્ટ દ્વારા ખરાબ ઈંડા, ખરાબ દૂધ અને ડેમેજ પેકેજ્ડ ફૂડ આઈટમ્સની ડિલિવરી મળવાની પણ ફરિયાદો નોંધાવી છે. માન્ય લાઈસન્સ વિના વેચાઈ રહ્યો હતો સામાન તપાસ દરમિયાન FSSAIએ શોધી કાઢ્યું કે પ્લેટફોર્મ પર વિક્રેતાઓના ઓનબોર્ડિંગ અને વેરિફિકેશન સિસ્ટમમાં મોટી ખામીઓ છે. સ્વિગી ઈન્સ્ટામાર્ટ પર કેટલાક એવા ફૂડ બિઝનેસ લિસ્ટેડ જોવા મળ્યા જેમનો FSSAI લાઈસન્સ નંબર કાં તો ખોટો હતો, અમાન્ય હતો અથવા તો હતો જ નહીં. એટલું જ નહીં, ઘણા ફૂડ બિઝનેસ પાર્ટનર્સને એવા નામો હેઠળ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા જે તેમના સત્તાવાર FSSAI રજીસ્ટ્રેશન નામથી તદ્દન અલગ હતા. આનાથી ફૂડ પ્રોડક્ટ્સની ટ્રેસિબિલિટી એટલે કે તે સામાન ક્યાંથી આવ્યો છે તે શોધવું અને તેમની ગુણવત્તા મોનિટરિંગ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

### 2012 પછીનો આ સૌથી મોટો આંકડો છે.

# જાપાનમાં 6 મહિનામાં 5300 કંપનીઓ નાદાર થઇ, મોંઘવારી-કર્મચારી અછતને કારણે વેપાર અઘરો બન્યો

### 1 બિલિયન યેનથી વધુ દેવાવાળી 114 કંપનીઓ નિષ્ફળ ગઈ છે, જેમાં નાના અને મધ્યમ ઉધોગો વધુ પ્રભાવિત થયા છે.



ટોક્યો

વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં જાપાનમાં 5300 કંપનીઓ નાદારી નોંધાવી છે જે છેલ્લા 12 વર્ષનો સૌથી ઊંચો આંક છે. વધી રહેલા ભાવો તથા કર્મચારીઓની અછતને કારણે કંપનીઓના વેપાર દબાણ હેઠળ આવી જતા તેણે દેવાળુ ફુકાવાનો વારો આવ્યો છે.

ટોક્યો શોકો રિસર્ચ પેઢીના રિપોર્ટ પ્રમાણે, 2012 બાદ કોઈ વર્ષના પ્રથમ છ મહિનામાં કંપનીઓની નાદારીનો આ સૌથી મોટો આંક છે. સતત પાંચમાં વર્ષમાં કંપનીઓની બેન્કરપ્સીની સંખ્યામાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ફુગાવા, નબળા યેન, કર્મચારીઓની અછત તથા લોન ખર્ચમાં વધારા જેવી બાબતોનો સામનો કરી રહેલા જાપાનના વેપારગૃહો પર દબાઁણ વધી રહ્યું હોવાનું ઉક્ત આંકડા પરથી કહી શકાય એમ છે. એક કરોડ યેન (અંદાજે 61600 ડોલર) જેટલા દેવા સાથેની કંપનીઓની સંખ્યા વાર્ષિક ધોરણે 7.10 ટકા જેટલી વધી 5346 પહોંચી છે.પડકારોની સૌથી વધુ અસર નાના વેપારગૃહો પર વધુ જોવા મળી છે. નાદારીમાં ગયેલી કંપનીઓમાંથી 90 ટકાથી વધુ કંપનીઓ દરેક દસથી ઓછા કર્મચારી ધરાવતી હતી. 80 ટકા કંપનીઓના માથે જવાબદારીનો આંક 10 કરોડ યેનથી નીચે હતો. નાદારીનો ભોગ બનનારી કંપનીઓમાં નાની તથા મધ્યમ કદની કંપનીઓ વધુ છે. એક અબજ યેન કે તેથી વધુના દેવાબોજ સાથેની નિષ્ફળ ગયેલી કંપનીઓની સંખ્યા 114 જેટલી રહી છે. કોઈ વર્ષના પ્રથમ છ મહિનામાં એક અબજ યેન કે તેથી વધુના દેવાબોજ સાથેની નિષ્ફળ ગયેલી કંપનીઓની સંખ્યા ૧૦૦થી ઉપર ગઈ હોય તેવું વર્તમાન વર્ષમાં પહેલી વખત જોવા મળ્યું છે. શ્રમ લક્ષી તથા ઉપભોગતાનો સામનો કરતા ઉદ્યોગો સૌથી વધુ નિષ્ફળ રહ્યા હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં જાપાનમાં 5300 કંપનીઓ નાદારી નોંધાવી છે જે છેલ્લા 12 વર્ષનો સૌથી ઊંચો આંક છે. વધી રહેલા ભાવો તથા કર્મચારીઓની અછતને કારણે કંપનીઓના વેપાર દબાણ હેઠળ આવી જતા તેણે દેવાળુ ફુકાવાનો વારો આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે, 2012 બાદ કોઈ વર્ષના પ્રથમ છ મહિનામાં કંપનીઓની નાદારીનો આ સૌથી મોટો આંક છે. સતત પાંચમાં વર્ષમાં કંપનીઓની બેન્કરપ્સીની સંખ્યામાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ફુગાવા, નબળા યેન, કર્મચારીઓની અછત તથા લોન ખર્ચમાં વધારા જેવી બાબતોનો સામનો કરી રહેલા જાપાનના વેપારગૃહો પર દબાઁણ વધી રહ્યું હોવાનું ઉક્ત આંકડા પરથી કહી શકાય એમ છે.

### મ્યુચ્યુઅલ ફંડ ઉધોગની કુલ AUM ₹82.05 લાખ કરોડ પહોંચી

# જૂન 2026માં ઈક્વિટી ફંડોમાં રોકાણ 26% વધીને રૂ.28,973 કરોડ




મુંબઈ

ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધના વાદળો જૂનમાં વિખેરાતા અને અલ-નીનોનું જોખમ જૂનના અંતિમ દિવસોમાં હળવું થતું જોવાતાં ભારતીય શેર બજારોમાં સેકન્ડરી માર્કેટમાં તેજીના સેન્ટીમેન્ટની સાથે ફરી ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણનો પ્રવાહ ધસમસતો જોવાયો છે. જૂન ૨૦૨૬ મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ મે ૨૦૨૬ મહિનાના રૂ.૨૨,૯૦૭ કરોડની તુલનાએ ૨૬ ટકા જેટલું વધીને રૂ.૨૮,૯૭૩ કરોડનું નોંધાયું છે. આ રોકાણમાં સૌથી વધુ આકર્ષણ ફરી મિડ કેપ ફંડોમાં રૂ.૬૦૯૦ કરોડનું નોંધાયું છે. ઈક્વિટી ફંડોમાં કુલ રૂ.૨૮,૯૭૩ કરોડના રોકાણમાં મિડ કેપ અને સ્મોલ કેપનો હિસ્સો ૪૦ ટકા રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એયુએમ-નેટ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ મે ૨૦૨૬ના અંતના રૂ.૮૧.૩૮ લાખ કરોડની તુલનાએ એક ટકા વધીને રૂ.૮૨.૦૫ લાખ કરોડ થઈ છે. ૧૧ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સબ કેટેગરીમાં મિડ કેપ ફંડોએ રોકાણ મેળવવામાં અગ્રેસરતા મેળવી છે. ત્યાર બાદ સ્મોલ કેપ ફંડોમાં રૂ.૫૬૦૧ કરોડનું ચોખ્ખું રોકાણ અને ફ્લેક્સી કેપ ફંડોમાં રૂ.૫૨૩૧ કરોડનું રોકાણ નોંધાયું છે. ડિવિડન્ડ યીલ્ડ ફંડો અને ઈએલએસએસ ફંડોમાં રોકાણ ઉપાડ એટલે કે જાવક અનુક્રમે રૂ.૪૯ કરોડ અને રૂ.૬૩૩ કરોડની રહી છે. માસિક ધોરણે સેક્ટરલ અને થીમેટિક ફંડોમાં સૌથી વધુ રોકાણ પ્રવાહ ૧૨૭ ટકા વધીને રૂ.૧૪૬૯ કરોડનો નોંધાયો છે. ત્યાર બાદ મિડકેપ ફંડોમાં ૩૯ ટકાની વૃદ્ધિ, જ્યારે વેલ્યુ/કોન્ટ્રા ફંડો અને ફોક્સ્ડ ફંડોમાં દરેકમાં ૩૫ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. ડેટ મ્યુચ્યુઅલ ફંડોમાં સતત બીજા મહિને જૂનમાં રોકાણકારોએ રોકાણ પાછું ખેંચવાનું ચાલુ રાખતાં જાવક નોંધાઈ છે. રોકાણકારોએ મે ૨૦૨૬ મહિનાના રૂ.૯૬,૯૪૮ કરોડના ઉપાડની તુલનાએ જૂનમાં રૂ.૧.૦૯ લાખ કરોડનું રોકાણ પાછું ખેંચી લીધું છે. ક્રેડિટ રિસ્ક ફંડો અને ફ્લોટર ફંડો સિવાય અન્ય કેટેગરીમાં પણ રોકાણ જાવક નોંધાઈ છે. ક્રેડિટ રિસ્ક ફંડો અને ફ્લોટર ફંડોમાં અનુક્રમે રૂ.૨૪૭ કરોડ અને રૂ.૪૫૨ કરોડ પોઝિટીવ રોકાણ નોંધાયું છે. ૧૬ સબ-કેટેગરીઝમાં લિક્વિડ ફંડોમાં સૌથી વધુ રૂ.૪૨,૨૯૩ કરોડની જાવક-ઉપાડ નોંધાયો છે.

# ભારતથી રશિયા તરફ ગેસોલીનની નિકાસ!

- **ડોલર સામે રૂપિયો ઘટતા તેની અસર પણ બજારો પર વર્તાઈ. આગામી તહેવારોમાં ગ્રામીણ માંગ વધવાની આશા છે.**




મુંબઈ

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ખુલ્યા પછી ફરી નીચા ઉતર્યા હતા. ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો નોંધાયો હતો. પ્લેટીનમના ભાવ વધુ તૂટયા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં પીછેહટ ચાલુ રહી હતી. ભારતથી રશિયા તરફ આશરે ૬૦ હજાર ટનનો ગેસોલીનનો પુરવટો મોકલવામાં આવ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. ચાંદીના ભાવમાં રૂ.૩૪૦૦નો તથા પ્લેટીનમના ભાવમાં રૂ.૨૦૦૦નો ઘટાડો : વિશ્વ બજારમાં સોનાના ભાવ ૪૧૦૦ ડોલરની અંદર ઉતર્યા દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૪૧૧૦થી ૪૧૧૧ ડોલરવાળા નીચામાં ભાવ ૪૦૯૪ થયા પછી ૪૧૦૨થી ૪૧૦૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૮.૯૫ વાળા જો કે ઉંચામાં ભાવ ૬૦.૭૬થી ૬૦.૭૭ ડોલર થઈ ૫૯.૫૬થી ૫૯.૫૭ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બ્રેન્ટના ભાવ ૭૮.૫૮ વાળા નીચામાં ભાવ ૭૫.૩૬ થઈ ૭૬.૪૬ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૩.૯૮ વાળા નીચામાં ભાવ ૭૧.૧૬ થઈ ૭૧.૮૯ ડોલર રહ્યા હતા. ઈરાન તથા અમેરિકા વચ્ચે ઘર્ષણ વધવા સામે વાતચીત પણ ચાલુ રહ્યાના વાવડ હતા. ચીનમાં ક્રૂડની આયાત ઘટી છે જ્યારે યુનાઈટેડ આરબ અમીરાતમાં ક્રૂડનું ઉત્પાદન વધ્યાના વાવડ હતા.

# ફરજિયાત TET પરીક્ષાના વિરોધમાં રાજ્યભરમાંથી ગુરુજીઓ પાટનગરે ધકેલાયા

## શાસન સામે શિક્ષકોનો ખુલ્લો જંગ: ચોક અને ડસ્ટર પકડનારા હાથોમાં વિરોધના બેનરો જોઈને વહીવટી તંત્રના શ્વાસ અધ્ધર



અમદાવાદ

ગુજરાતના શિક્ષણ જગતમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ઘાતક ભડકો થયો છે. સરકાર દ્વારા થોપવામાં આવેલી ફરજિયાત TET (ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ) પરીક્ષાના કાળા કાયદાના વિરોધમાં આજે સમગ્ર રાજ્યના ખૂણે-ખૂણેથી હજારોની સંખ્યામાં શિક્ષકો ગાંધીનગરના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. કલમ અને પુસ્તકોથી શાંતિપૂર્વક ભણાવનારા ગુરુજીઓનો આવો ઉગ્ર આક્રોશ જોઈને સચિવાલયના ગલિયારાઓમાં પણ સન્નાટો વ્યાપી ગયો છે. પોતાની વર્ષોની નોકરી અને આત્મસન્માન બચાવવા માટે શિક્ષકોએ હવે સરકાર સામે સીધું યુદ્ધ છેડી દીધું છે.

આંદોલનકારી શિક્ષકોની મુખ્ય અને સ્પષ્ટ માંગણી છે કે, વર્ષ ૨૦૧૦ પહેલા જે શિક્ષકો ભરતી થયા છે અને દાયકાઓથી શિક્ષણ ક્ષેત્રે પોતાનું લોહી-પરસેવો વહાવી રહ્યા છે, તેમને આ ફરજિયાત TET પરીક્ષામાંથી તાત્કાલિક મુક્તિ આપવામાં આવે. શિક્ષકોએ રોષે ભરાઈને સવાલ ઉઠાવ્યો છે કે જેઓ છેલ્લા ૧૫-૨૦ વર્ષથી સફળતાપૂર્વક પેઢીઓ ઘડી રહ્યા છે, તેમની યોગ્યતા સાબિત કરવા માટે હવે આ ઉંમરે પરીક્ષા આપવાની જબરદસ્તી કેમ? આ નીતિ માત્ર અતાર્કિક નથી, પરંતુ વર્ષોથી સેવા આપતા વરિષ્ઠ શિક્ષકોનું અપમાન છે.

**2010 પહેલાના શિક્ષકોને મુક્તિ આપો નહીંતર દિલ્હી હલાવી નાખવાની ઘાતક ચીમકી!**

ગાંધીનગરના ધરણા સ્થળેથી શિક્ષક સંગઠનોએ સરકારને અત્યંત જોરદાર અને ધારદાર ચેતવણી આપી છે કે આ માત્ર ટ્રેલર છે. જો સરકાર પોતાની હઠધર્મી છોડીને ૨૦૧૦ પહેલાના શિક્ષકોની ન્યાયી માંગણીઓ સંતોષવામાં નિષ્ફળ રહેશે, તો આગામી દિવસોમાં આ આંદોલન ગુજરાત પૂરતું સીમિત નહીં રહે. શિક્ષકોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે તેઓ પોતાના હક માટે દિલ્હી સુધી કૂચ કરશે અને કેન્દ્ર સરકારના બારણા ખખડાવશે. શાસન હવે આ શિક્ષકોના આક્રોશને શાંત કરે છે કે પછી આ લોકતાંત્રિક આંદોલન વધુ હિંસક સ્વરૂપ લે છે, તેના પર આખા રાજ્યની નજર મંડાયેલી છે.

સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા બાદ શિક્ષકોમાં નારાજગી ફેલાઈ છે અને તેના વિરોધમાં આ રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા છે. શિક્ષકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો અને પોતાની માંગણીઓ તાત્કાલિક સ્વીકારવાની માંગ કરી હતી.

### ■ 2010 પહેલાના શિક્ષકોને પરીક્ષામાંથી મુક્તિ આપવાની માગ

શિક્ષકોની મુખ્ય માંગણીઓમાં વર્ષ 2010 પહેલા નિયુક્ત થયેલા તમામ અનુભવી શિક્ષકોને ફરજિયાત TET પરીક્ષામાંથી કાયમી મુક્તિ આપવાની માંગનો સમાવેશ થાય છે. ઉપરાંત, 1 એપ્રિલ 2005 બાદ ભરતી થયેલા શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. ધોરણ 6થી 8ના શિક્ષકોને તેમની કામગીરી અને જવાબદારીને અનુરૂપ અલગ તથા વધુ ગ્રેડ પે આપવામાં આવે તેમજ HTAT આચાર્યોને સોંપવામાં આવેલા વધારાના શાળાના ચાર્જનો નિર્ણય પરત ખેંચવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.

### ■ માગણી ન સંતોષાય તો દિલ્હી સુધી આંદોલનની ચીમકી

શિક્ષક આગેવાનોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા તેમની લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓ અંગે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. જરૂર પડે તો આ લડતને દિલ્હી સુધી લઈ જવામાં આવશે તેવી ચીમકી પણ શિક્ષકો દ્વારા આપવામાં આવી હતી. શિક્ષક બહાદુરભાઈ ભુરીયા અને રસૂલભાઈ સંગાડાએ જણાવ્યું હતું કે, 2010 પહેલા જે શિક્ષકો ભરતી થયા છે તેઓને આ પરીક્ષામાંથી મુક્તિ આપવાની માગ છે. આ ઉપરાંત પેન્શન યોજના સહિતના જે લાભો છે તે પણ શિક્ષકોને આપવાની માગ કરવામાં આવી છે.

---

અમદાવાદના કરદાતાઓ માટે મોટો આંચકો

## જનતા ખાડા અને પૂરથી પરેશાન, નેતાઓ-અધિકારીઓ માટે મોંઘા મોબાઈલ-લેપટોપના જલસા!

અમદાવાદ

એક તરફ અમદાવાદના નાગરિકો બિસ્માર રસ્તાઓ, ટ્રાફિક અને ચોમાસાની આફતોથી ત્રાહિમામ પોકારી રહ્યા છે, ત્યાં બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના કાઉન્સિલરો અને બાબુઓ માટે સરકારી ખર્ચે મોજ કરવાની નવી સ્કીમ આવી ગઈ છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયથી પ્રજાના ટેક્સના પૈસાનું પાણી થવાનું નક્કી છે, જેને લઈને હવે ટેક્સપેયર્સમાં ભારે કણસાટ જોવા મળી રહ્યો છે. એએમસી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલે જાહેરાત કરતા જણાવ્યું છે કે, કાઉન્સિલરો અને અધિકારીઓ માટે મોબાઈલ અને લેપટોપ ખરીદવાની મર્યાદા (બજેટ)માં ધરખમ વધારો મંજૂર કરવામાં આવ્યો છે. અગાઉ મોબાઈલ ખરીદવા માટે ૧૨,૦૦૦ ની મર્યાદા હતી, જે હવે વધારીને સીધી ૧૭,૦૦૦ કરી દેવામાં આવી છે. એટલે કે નેતાજીઓ હવે વધુ મોંઘા સ્માર્ટફોન વાપરી શકશે. લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર: આ ડિજિટલ સાધનોની ખરીદી માટેની લિમિટમાં પણ એકઝાટકે ૧૦,૦૦૦ નો વધારો ઝીંકી દેવાયો છે. જનતા સવાલ ઉઠાવી રહી છે કે, પ્રજાના કામો માટે બજેટની તંગીનું રોદણું રડતું તંત્ર પોતાના નેતાઓ અને બાબુઓને રાજી રાખવા આટલું ઉદાર કેમ થઈ જાય છે? એક તરફ ખરીદીના બજેટો વધી રહ્યા છે, ત્યારે બીજી તરફ કાગળ પર 'ગુડ ગવર્નન્સ' બતાવવા માટે એએમસીએ દાવો કર્યો છે કે, ચોમાસા અને ભારે વરસાદની સ્થિતિને જોતા અમદાવાદમાં ૧૫૦થી વધુ સંભવિત સેટલમેન્ટ (ભૂવા કે રોડ બેસી જવાની જગ્યાઓ) પર સતત મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે.

---

અયોધ્યા મામલે અમદાવાદમાં અશોક ગેહલોત પ્રહારોથી રાજકારણ ગરમાયું

## રામ મંદિરમાં ચંદા ચોરી એ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે ઘોર વિશ્વાસઘાત : અશોક ગેહલોત

ભગવાન રામના નામે એકત્રિત ફાળો ભાજપ-RSSની રાજકીય લૂંટનો ભોગ બન્યો હોવાનો પૂર્વ મુખ્યમંત્રીનો ગંભીર આક્ષેપ



અમદાવાદ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત એક વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા અશોક ગેહલોતે શ્રીરામ મંદિર ફાળા ચોરી પ્રકરણ અંગે કેન્દ્ર સરકાર અને સંઘ પરિવાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રામ મંદિરમાં થયેલ ચંદા ચોરી એ માત્ર આર્થિક કૌભાંડ નથી, પરંતુ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા, વિશ્વાસ અને લાગણીઓ સાથે થયેલ ઘોર વિશ્વાસઘાત છે. અશોક ગેહલોતે સવાલ ઉઠાવ્યો હતો કે દેશના ખૂણે-ખૂણેથી ગરીબો, ખેડૂતો, મજૂરો અને મહિલાઓએ પોતાની મહેનતની કમાણી અને બચત રામ મંદિર નિર્માણ માટે આપી હતી. ભાજપ, આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદ જેવા સંગઠનોએ ત્રણ દાયકા સુધી રામના નામે રાજનીતિ કરીને સત્તા મેળવી અને આજે એ જ ફાળો લૂંટાઈ ગયો છે. જ્યારે આ ટ્રસ્ટની રચના વડાપ્રધાનની દેખરેખ હેઠળ થઈ હતી, તો આ કૌભાંડની જવાબદારી કોણ લેશે? વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ આખા પ્રકરણ પર મૌન કેમ છે તેવો પ્રશ્ન તેમણે કર્યો હતો. પૂર્વ મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના તત્કાલીન મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારી લેવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે આ સામાન્ય વહીવટી ભૂલ નથી પણ મોટું કૌભાંડ છે.

---

સાબરમતી નદીના પટમાં 'ફિલ્મી સ્ટાઈલ' હાઈ-વોલ્ટેજ ચેઝ

## સાબરકાંઠા-મહેસાણાની સરહદે પોલીસ અને ખનિજ માફિયાઓ વચ્ચે જોરદાર ટક્કર

અમદાવાદ


આ કોઈ હોલીવુડ કે બોલીવુડની એક્શન ફિલ્મનું શૂટિંગ નથી, પણ સાબરમતી નદીના પટમાં ખુલ્લેઆમ કુદરતી સંપત્તિની લૂંટ ચલાવતા રીઢા ખનિજ માફિયાઓને ઝડપી પાડવા માટે ખેલાયેલો અસલી મોતનો ખેલ છે! સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની સરહદ પર ગેરકાયદેસર રેતી ખનન કરતા માફિયાઓને દબોચી લેવા માટે તંત્ર અને પોલીસે જે હાઈ-વોલ્ટેજ ઓપરેશન પાર પાડ્યું, તેના દ્રશ્યો જોઈને ભલભલાના કાળજા કંપાઈ ગયા છે. આ દિલધડક ચેઝિંગ દરમિયાન આખા વિસ્તારમાં ભારે તણાવ અને ડરનો માહોલ ફેલાઈ ગયો હતો. મળતી વિગતો મુજબ, સાબરમતી નદીના પ્રતિબંધિત વિસ્તારોમાંથી રાતના અંધારામાં અને દિવસના અજવાળે કરોડો રૂપિયાની રેતી ચોરી કરવાનો કાળો કારોબાર લાંબા સમયથી ચાલી રહ્યો હતો. બાતમીના આધારે જ્યારે ટીમ આ માફિયાઓને પકડવા ઘટનાસ્થળે ત્રાટકી, ત્યારે માફિયાઓએ શરણાગતિ સ્વીકારવાને બદલે પોતાના ભારેખમ વાહનો અને ડમ્પરો પૂરપાટ ઝડપે ભગાડવાનું શરૂ કર્યું હતું. પોલીસ અને તંત્રની ગાડીઓએ આ માફિયાઓનો પીછો કરવા માટે નદીના પટમાં જ ગાડીઓ નાખી દીધી હતી. ધૂળની ડમરીઓ અને પાણીના ઉછળતા મોજાં વચ્ચે કલાકો સુધી આ 'હાઈ-વોલ્ટેજ ચેઝ' ચાલ્યો હતો. સામસામે વાહનો અથડાવવાની અને કચડી નાખવાની કોશિશો વચ્ચે આખાય પંથકમાં દહેશત વ્યાપી ગઈ હતી. આ ઘટના સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની હદ વિસ્તારમાં બની છે. સામાન્ય રીતે ખનિજ માફિયાઓ બે જિલ્લાની સરહદનો ફાયદો ઉઠાવીને એક જિલ્લાની પોલીસ આવે તો બીજા જિલ્લાની હદમાં ભાગી જતા હોય છે. પરંતુ આ વખતે તંત્ર કડક મૂડમાં હતું.

---

ગત વર્ષની ઘટનામાંથી શીખ લેવાઈ

## રથયાત્રાના તમામ 18 હાથીઓ પર લાગશે CCTV અને ડેસિબલ મીટર

અમદાવાદ પોલીસ દ્વારા તેમને પરંપરાગત રીતે 'ગાર્ડ ઓફ ઓનર' આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



અમદાવાદ

અમદાવાદમાં 16 જુલાઈએ નીકળનારી ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રામાં સુરક્ષા વધારાઈ છે. પ્રથમવાર 18 હાથીઓ પર 360 ડિગ્રી CCTV કેમેરા અને ડેસિબલ મીટર લગાવાશે. ગત વર્ષે ખાડિયામાં DJના અવાજથી હાથી બેકાબૂ બનતા આ નિર્ણય લેવાયો. પોલીસ કંટ્રોલ રૂમથી સતત મોનિટરિંગ કરાશે, જેથી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય. જગન્નાથજીની 149મી રથયાત્રામાં સામેલ હાથીઓ પર પ્રથમવાર સીસીટીવી કેમેરા અને નજીકના અવાજની તીવ્રતા માપવા માટે ડેસિબલ મીટર લગાવવામાં આવશે. ગત વર્ષે ખાડિયામાંથી જ્યારે રથયાત્રા પસાર થઈ રહી હતી, ત્યારે ડી.જે.ના મોટા અવાજના કારણે હાથી ડરીને બેકાબૂ બન્યો હતો. આથી, તકેદારીના ભાગરૂપે પોલીસ દ્વારા આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી 16 જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં અને કોઈ પણ વિઘ્ન વિના પસાર થાય તે માટે પોલીસ દ્વારા વિવિધ આયોજનો કરાયા છે. રથયાત્રાના ઈતિહાસમાં પ્રથમવાર તમામ 18 હાથીઓ પર 360 ડિગ્રી સીસીટીવી કેમેરા અને અવાજની તીવ્રતા માપવા માટે ડેસિબલ મીટર લગાવવામાં આવશે. ગત વર્ષે રથયાત્રા જ્યારે ખાડિયા પહોંચી, ત્યારે એક હાથીની નજીક ઊંચા અવાજે વાગી રહેલા ડી.જે. સાઉન્ડના કારણે હાથી ડરીને બેકાબૂ બન્યો હતો, જેને લીધે અન્ય હાથીઓ પણ ભાગવા લાગ્યા હતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વર્ષે રથયાત્રામાં ઊંચા અવાજે ડી.જે. સાઉન્ડ ન વગાડવા માટે કડક આદેશો આપવામાં આવ્યા છે. આ સાથે જ હાથી પસાર થાય ત્યારે તેમની આસપાસનો અવાજ માપવા માટે ડેસિબલ મીટર લગાવવાનો નિર્ણય કરાયો છે. જ્યારે 360 ડિગ્રી કેમેરા પોલીસ કંટ્રોલ રૂમ તેમજ વિશેષ રૂપે તૈયાર કરાયેલા કંટ્રોલ રૂમ સાથે સીધા જોડાયેલા રહેશે, જેથી સતત નજર રાખી શકાય.

---

## ખોખરામાં એક યુવક પર બે શખસો દ્વારા છરી વડે હુમલો... છાતીમાં છરી સાથે જ યુવક સારવાર માટે પહોંચ્યો

અમદાવાદ

અમદાવાદના ખોખરા વિસ્તારમાં એક યુવક પર બે શખસો દ્વારા છરી વડે હુમલો કરાતા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રેમપ્રકરણમાં યુવક પર કરાયેલા હુમલામાં છરી છાતીમાં જ ફસાઈ જતા હુમલાખોર ભાગી ગયા હતા. યુવકને છરી સાથે જ સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ મામલે ખોખરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ગોમતીપુર વિસ્તારમાં સલાડ નગરમાં ગણેશ દંતાણી તેના પરિવાર સાથે રહે છે. 6 મહિના પહેલા ગણેશ અમરાઈવાડી વિસ્તારમાં રહેતી તેના જ સમાજની યુવતીને લઈને ભાગી ગયો હતો જે બાબતે સમાજ રહે અંદરો અંદર સમાધાન થઈ ગયું હતું અને યુવતી ને તેના માતા-પિતાને સોંપી દીધી હતી. ત્યારબાદ તેઓ મકાન ખાલી કરી અને વાસણા વિસ્તારમાં રહેવા માટે જતા રહ્યા હતા. ગઈકાલે 10 જુલાઈના રોજ અમરાઈવાડી વિસ્તારમાં ગણેશના પરિવારજનને ઝઘડો થયો હોવાથી ત્યાં ગયા હતા. તે દરમિયાનમાં ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે અમરાઈવાડી જોગણી માતાના મંદિર પાસે તે ઉભા હતા તે દરમિયાનમાં યુવતીના કાકાનો દીકરો કમલેશ દંતાણી ત્યાં આવ્યો હતોને ગાળો બોલી અને તમે અહીંયા કેમ આવ્યા છો એમ કહ્યું હતું.

---

## ચાંદખેડાની અર્થ સ્કૂલમાં શિક્ષિકાએ માર મારતા વિદ્યાર્થીના હાથમાં લાલ ઝામા

ધો-11ના વિદ્યાર્થીએ ઘરે જઈ માતાને જાણ કરી, હાથનો સોજો ન ઊતરે ત્યાં સુધી ઘરે ન જવા દીધાનો આક્ષેપ



અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી અર્થ સ્કૂલમાં શિક્ષિકાએ એક વિદ્યાર્થીને માર મારતા વિવાદ સર્જાયો છે. અર્થ સ્કૂલમાં ધોરણ 11માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શિક્ષિકાએ હાથ પર માર માર્યો છે, જેના કારણે વિદ્યાર્થીના હાથ પર લાલ લાલ ઝામા પડી ગયા છે. વિદ્યાર્થીએ ઘરે જઈને વાલીને જાણ કરતા વાલીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઢાંક પીછોળો કરવા સોજો ન ઊતરે ત્યાં સુધી ઘરે પણ ન આવવા દીધો હોવાનો વાલીએ ગંભરી આક્ષેપ કર્યો છે.

બે દિવસ પહેલા વિદ્યાર્થી ક્લાસ અટેન્ડ ન કરતો હોવાથી તેની જાણ વાલીને કરવામાં આવી હતી. તેમજ શાળામાંથી કાઢી નાખવાની વિદ્યાર્થીને ધમકી આપવામાં આવી હોવાનો વાલીએ આક્ષેપ કર્યો છે, જેથી વિદ્યાર્થીની ફરિયાદ મળતા વાલી શાળાએ પહોચ્યા હતા. જે બાદ વાલીએ વિદ્યાર્થી સમયસર ક્લાસ અટેન્ડ કરશે તેવું માફી પત્રક લખી આપ્યું હતું. તેમજ શિક્ષકોની સામે વિદ્યાર્થીને ઠપકો આપી રેગ્યુલર ક્લાસ અટેન્ડ કરવા પણ કહ્યું હતું.

જો કે, તે બાદ ગઈકાલે (10 જુલાઈ) વિદ્યાર્થી જ્યારે શાળાએ પહોંચ્યો ત્યારે 8 વાગ્યા આસપાસ શિક્ષિકાએ તેને હાથ પર માર માર્યો હતો. તેમજ માર મારવાના કારણે વિદ્યાર્થીના હાથ પર સોજો આવી ગયો અને લાલ ઝામા પણ પડી ગયા હતા, તેમ છતાં શાળાએ તેની દવા ન કરાવી હોવાનો પણ વાલીએ આક્ષેપ કર્યો છે. તેમજ વિદ્યાર્થીનો સોજો ઊતરી જાય તે માટે તેને 1 વાગ્યા સુધીમાં શાળામાં બેસાડી રાખ્યા હોવાનો પણ વાલીએ આક્ષેપ કર્યો છે. એક વાગ્યા બાદ પણ વિદ્યાર્થીના હાથ પરથી સોજો ન ઊતરતા તેને ઘરે મોકલી દેવામાં આવ્યો હતો. તેમજ ઘરે આવ્યા પછી વિદ્યાર્થી રડતો હોવાથી અને જમવાનું પણ ન ખાતો હોવાથી માતાએ કારણ પૂછ્યું હતું. જે બાદ વિદ્યાર્થીએ રડતા-રડતા શિક્ષિકાએ માર માર્યો હોવાથી સોજો આવી ગયું હોવાની જાણ કરી હતી. જેથી વાલીએ વિદ્યાર્થીને કેમ માર મારવામાં આવ્યો અને હાથ પર સોજો આવી ગયો છતા વાલીને કેમ જાણ કરવામાં ન આવી? તેનો જવાબ માંગતા શાળાએ કોઈ જવાબ આપ્યો ન હોવાનો વાલીએ દાવો કર્યો છે. તેમજ સામાન્ય બાબતમાં ગંભીર રીતે વિદ્યાર્થીને માર મારતા વાલીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાલીએ જણાવ્યું હતું કે, સવારે મારો બાળક જ્યારે શાળામાં ગયો ત્યારે શિક્ષિકાએ તેને હાથ પર માર માર્યો હતો, જેના કારણે તેને હાથ પર સોજો આવી ગયો હતો. છતાં પણ મારા બાળકને દવા કરાવવામાં આવી નહતી.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI